વર્ષઃ 5 અંકઃ 20

16-30 એપ્રિલ, 2025 (નિઃશુલ્ક)

# ન્યૂ ઈન્ડિયા સમાચાર



# વિમાનન ક્ષેત્રમાં પરિવર્તનકારી ઉડાન

ઉડાન યોજનામાં વીતેલા કેટલાક વર્ષમાં ભારતીય વિમાનન ક્ષેત્રએ સમાવેશિતા તરફ ડગલાં માંડીને સામાન્ય માનવીના સ્વપ્ન સાકાર કર્યા છે તો હવે રાષ્ટ્ર વિમાનન ક્ષેત્રમાં અગ્રણી બનવાના લક્ષ્યાંકમાં વધુ અગ્રેસર છે....



# દેશના ઘણા હિસ્સામાં થાય છે
# જળ સંરક્ષણના અભૂતપૂર્વ કાર્યો

*આકાશવાણી પર પ્રસારિત થનારા પોતાના માસિક કાર્યક્રમ મારફતે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી જુસ્સાની ઉડાનને લઈને ઘણી બધી બાબતોની ચર્ચા કરે છે. સાથે સાથે તેમાં પ્રેરણાદાયી વાતો અને જનમાનસ સાથે સંકળાયેલી ઘટનાઓનો ઉલ્લેખ થતો હોય છે જે જનાંદોલન બનીને રાષ્ટ્રની પ્રગતિમાં મહત્વની ભૂમિકા ભજવે છે. 30મી માર્ચે મન કી બાત કાર્યક્રમની 120મી આવૃત્તિમાં દેશવાસીઓને સંબોધિત કરતાં પીએમ મોદીએ જળ સંરક્ષણથી લઈને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ સહિત ઘણા મહત્વપૂર્ણ વિષયો પર વાતચીત કરી હતી. પ્રસ્તુત છે મન કી બાતના સંપાદિત અંશો...*

- **#MyHolidays :** ઉનાળાના દિવસો મોટા હોય છે, તેમાં બાળકો પાસે કરવા જેવી ઘણી પ્રવૃત્તિ હોય છે. આ સમય કોઈ નવા શોખને સ્વીકારવાની સાથે સાથે પોતાનામાં રહેલા કૌશલ્યને શોધવાનો પણ છે. આજે બાળકો પાસે આવા પ્લેટફોર્મની કમી નથી જ્યાંથી તેઓ ઘણું બધું શીખી શકે. જો કોઈ સંગઠન કે શાળા કે સામાજિક સંસ્થા આવી ઉનાળાની પ્રવૃત્તિ કરાવી રહી હોય તો તેમને »MyHolidays સાથે ચોક્કસ પરિચિત કરાવો.

- **વિશેષ કેલેન્ડર :** હું આજે તમારી સાથે My-Bharat ના વિશેષ કેલેન્ડરની પણ ચર્ચા કરવા માગીશ. જેને આ વખતના ઉનાળું વેકેશન માટે તૈયાર કરવામાં આવ્યું છે. My-Bharatની આ સ્ટડી ટૂરમાં તમે તે જાણી શકશો કે આપણા 'જન-ઔષધિ કેન્દ્ર' કેવી રીતે કામ કરે છે. તમે વાયબ્રન્ટ વિલેજનો હિસ્સો બનીને સરહદી ગામડાઓનો એક અનોખો અનુભવ પ્રાપ્ત કરી શકો છો અને ત્યાંની સંસ્કૃતિ તથા રમત ગમતની પ્રવૃત્તિઓનો હિસ્સો પણ બની શકો છો.

- **જળ સંરક્ષણ :** વરસાદના ટીપાઓને સંરક્ષિત કરીને આપણે ઘણું બધું પાણી બરબાદ થતું રોકી શકીએ છીએ. છેલ્લા કેટલાક વર્ષોમાં આ અભિયાન અંતર્ગત દેશના ઘણા હિસ્સામાં જળ સંરક્ષણના અભૂતપૂર્વ કાર્યો થયા છે. છેલ્લા સાતથી આઠ વર્ષમાં નવી બનેલી ટાંકીઓ, તળાવો અને અન્ય જળ પુનઃભરણ સંરચનાઓથી 11 બિલિયન ક્યુબિક મીટરથી પણ વધારે પાણીનું સંરક્ષણ થયું છે.

- **ટેક્સટાઇલ વેસ્ટ :** ભારત વિશ્વનો ત્રીજો એવો દેશ છે જ્યાં સૌથી વધુ ટેક્સટાઈલ વેસ્ટ (બગાડ) નીકળે છે. એટલે કે આપણી સામે પડકાર ઘણો મોટો છે પરંતુ મને ખુશી છે કે આપણા દેશમાં આ પડકારનો સામનો કરવા માટે ઘણા પ્રશંસનીય પ્રયાસો થઈ રહ્યા છે. ઘણા ભારતીય સ્ટાર્ટ અપે ટેક્સટાઈલ રિકવરી સવલતો માટે કાર્ય કરવાનું શરૂ કરી દીધું છે.

- **ખેલો ઈન્ડિયા પેરા ગેમ્સ :** તાજેતરમાં જ પૂર્ણ થયેલી ખેલો ઈન્ડિયા પેરા ગેમ્સમાં ફરી એક વાર ખેલાડીઓએ પોતાની ધગશ અને પ્રતિભાથી સૌને આશ્ચર્યચકિત કરી દીધા. આ વખતે અગાઉ કરતાં વધુ ખેલાડીઓએ ભાગ લીધો. તેનાથી જ ખ્યાલ આવી જાય છે કે પેરા રમતો કેટલી લોકપ્રિય થઈ રહી છે. આ રમતોત્સવ દરમિયાન આપણા દિવ્યાંગ ખેલાડીઓએ 18 નવા નેશનલ રેકોર્ડ સ્થાપ્યા જેમાંથી 12 રેકોર્ડમાં તો આપણી મહિલા ખેલાડીઓના નામ રહ્યાં હતાં.

- **આંતરરાષ્ટ્રીય યોગ દિવસ :** દસ વર્ષ અગાઉ 2015ની 21મી જૂને પહેલી વાર આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. હવે તો આ દિવસે યોગનું એક વિરાટ સ્વરૂપ લઈ લીધું છે. માનવતાને ભારત તરફથી આ એક એવી અમૂલ્ય ભેટ છે જે ભવિષ્યની પેઢીઓને કામ લાગી શકે છે. આ વર્ષે 2025ના યોગ દિવસની થીમ 'Yoga for one Earth, One Health' છે. એટલે કે આપણે યોગ મારફતે સમગ્ર વિશ્વને સ્વસ્થ બનાવવાની કામના કરીએ છીએ.

- **મહુઆના ફૂલ :** મધ્ય પ્રદેશના છીંદવાડા જિલ્લામાં મહુઆના ફૂલથી કુકીઝ બનાવવામાં આવે છે. રાજાખોહ ગામની ચાર બહેનોના પ્રયાસથી આ કુકીઝ ઘણા લોકપ્રિય બની રહ્યા છે. આ મહિલાઓનો જુસ્સો જોઈને એક મોટી કંપનીએ તેમને ફેક્ટરીમાં કામ કરવાની તાલીમ આપી છે. તેનાથી પ્રેરિત થઈને ગામની ઘણી મહિલાઓ હવે તેમની સાથે જોડાઈ ગઈ છે.

- **કૃષ્ણ કમળ :** શું તમે ગુજરાતમાં એકતા નગરમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી જોવા ગયા છો ? સ્ટેચ્યુ ઓફ યુનિટીની આસપાસ તમને મોટી સંખ્યામાં કૃષ્ણ કમળ જોવા મળશે. આ ફૂલો પ્રવાસીઓના મન મોહી લે છે. આ કૃષ્ણ કમળ એકતા નગરના આરોગ્ય વન, એકતા નર્સરી, વિશ્વ વન અને મિયાવાકી ફોરેસ્ટમાં આકર્ષણનું કેન્દ્ર બની ગયા છે.

*મન કી બાત આખી સાંભળવા માટે QR કોડ સ્કેન કરો*

न्यू ઈન્ડિયા
# સમાચાર
વર્ષઃ 5 | અંકઃ 20 | 16-30 એપ્રિલ, 2025



મુખ્ય સંપાદક
ધીરેન્દ્ર ઓઝા
મુખ્ય મહાનિદેશક
પ્રેસ ઈન્ફોર્મેશન બ્યૂરો, નવી દિલ્હી

વરિષ્ઠ સલાહકાર સંપાદક
સંતોષ કુમાર

સલાહકાર સંપાદક
વિભોર શર્મા

વરિષ્ઠ સહાયક સલાહકાર સંપાદક
પવન કુમાર

સહાયક સલાહકાર સંપાદક
અખિલેશ કુમાર
ચંદનકુમાર ચૌધરી

ભાષા સંપાદન
સુમિત કુમાર (અંગ્રેજી)
રજનીશ મિશ્રા (અંગ્રેજી)
નદીમ અહેમદ (ઉર્દૂ)

ચીફ ડિઝાઈનર
શ્યામ તિવારી

સિનિયર ડિઝાઈનર
ફુલચંદ તિવારી

ડિઝાઈનર
અભય ગુપ્તા
સત્યમ સિંહ




**13 ભાષાઓમાં ઉપલબ્ધ ન્યૂ ઈન્ડિયા સમાચાર વાંચવા માટે ક્લિક કરો.**

https://newindiasamachar.pib.gov.in/news.aspx

**ન્યૂ ઈન્ડિયા સમાચારના જૂના અંક વાંચવા માટે ક્લિક કરો**

https://newindiasamachar.pib.gov.in/archive.aspx

'ન્યૂ ઈન્ડિયા સમાચાર' અંગે સતત અપડેટ મેળવવા માટે ફોલો કરોઃ @NISPIBIndia

# અંદરના પાના પર...




**કવર સ્ટોરી**


કોઈ પણ દેશનું વિમાનન ક્ષેત્ર તેની આર્થિક પ્રગતિનો આધાર હોય છે તો પ્રવાસન અને ઉદ્યોગ જેવા ક્ષેત્રોમાં પણ તેનું સૌથી મહત્વનું યોગદાન હોય છે. એક સમય એવો પણ હતો જ્યારે ભારતમાં સામાન્ય માનવી માટે વિમાનમાં મુસાફરી કરવી એક સ્વપ્ન હતું. સામાન્ય માનવીના સ્વપ્નને સાકાર કરવાની દિશામાં ઉડાન યોજના હેઠળ 2017ની 27મી એપ્રિલે શીમલાથી નવી દિલ્હી માટે વિમાને ઉડાન ભરી. આ ઐતિહાસિક સફળતાના આઠ વર્ષ પૂરા થવા પર આવો જાણીએ કે કેવી રીતે ભારતના વિમાનન ક્ષેત્રમાં નવી ક્રાંતિનો પ્રારંભ થયો... | 14-27

**સંસદઃ મહાકુંભની સફળતા**

'સબ કા પ્રયાસ'નું સાક્ષાત સ્વરૂપ

## મહાકુંભ

મહાકુંભને સફળ બનાવવામાં વિભિન્ન વ્યક્તિ અને સમૂહોના યોગદાન પર પ્રકાશ પાડીને પીએમ મોદીએ સરકાર, સમાજ તથા તેમાં સામેલ તમામ સમર્પિત કાર્યકર્તાઓના પ્રયાસને આવકાર્યો. પ્રસ્તુત છે સંસદમાં આપવામાં આવેલું પીએમ મોદીનું સંબોધન... | 6-8




સમાચાર સાર | 4-5

વ્યક્તિત્વ - બાબુ કુંવર સિંહ
બિહારી વીર બાંકુરા | 9

પંચાયતી રાજ દિવસ - સ્વામિત્વ યોજનાના પાંચ વર્ષ
ડ્રોન દ્વારા થયું મેપિંગ, સંપત્તિના અધિકારનો રેકોર્ડ મળ્યો | 28-29

પીએમ મોદીએ મહારાષ્ટ્ર અને છત્તીસગઢને આપી ભેટ
સંસ્કાર અને સમર્પણની સાથે સાથે આત્મનિર્ભર ભારત તરફ આગળ વધતા કદમ | 32-33

ભારત પ્રથમ વિદેશ નીતિનો મંત્ર
ટીવી9 શિખર સંમેલનમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનું સંબોધન | 34-35

કેન્દ્રીય મંત્રી મંડળના નિર્ણયો
કેન્દ્રીય કર્મચારીઓના ડી.એ.માં વૃદ્ધિ, ઈલેક્ટ્રોનિક્સ ઉત્પાદનમાં વધારો | 36-37

બાવલિયાળી ધામ : "ભરવાડ સમાજ"
આધુનિકતાને અપનાવવાની સાથે સાથે પરંપરાને પણ સુરક્ષિત રાખી | 38

વેવ્સ 2025 : મીડિયા અને મનોરંજન સ્ટાર્ટ અપ માટે ગેમ-ચેન્જર
ભારત સરકાર ક્રિએટિવીટી અને નવી વિદ્યાઓ પર કાર્ય કરી રહી છે | 39-40


**પોડકાસ્ટ**

## મારા માટે દેશ દેવ, જનતા ઈશ્વર

આ બુદ્ધ અને મહાત્મા ગાંધીની એ પાવન ધરા છે જે સંઘર્ષ નહીં પરંતુ સમન્વય ઈચ્છે છે. ભારતના આ જ સામર્થ્યનો ઉલ્લેખ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ અમેરિકન પોડકાસ્ટર લેક્સ ફ્રિડમેન સાથે કર્યો. વાંચો પોડકાસ્ટના સંપાદિત અંશો... | 10-13



**ભારત-ન્યુઝીલેન્ડ સંબંધ**

## ભારત-ન્યુઝીલેન્ડ મિત્રતાનો બીજો અધ્યાય

ન્યુઝીલેન્ડના વડા પ્રધાન ક્રિસ્ટોફર લક્સનની 5 દિવસની ભારત મુલાકાત દરમિયાન નવા કરારો સાથે સંબંધોની આ આત્મીયતા વધુ મજબૂત બની... | 30-31


પ્રકાશક અને મુદ્રક - યોગેશ કુમાર બવેજા, મહાનિદેશક, CBC (કેન્દ્રીય સંચાર બ્યૂરો) | મુદ્રણઃ ચંદુ પ્રેસ, 469, પટપરગંજ ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, દિલ્હી 110 092 | પત્રવ્યવહાર અને ઈમેઈલ માટેનું એડ્રેસઃ રૂમ નંબર 316, નેશનલ મીડિયા સેન્ટર, રાયસીના રોડ, નવી દિલ્હી - 110001 | ઈમેઈલ - response-nis@pib.gov.in RNI નંબર DELGUJ/2020/78810

# સંપાદકની કલમે...

# ભારત લીડિંગ એવિએશન હબ બનવાના લક્ષ્ય તરફ અગ્રેસર

સાદર નમસ્કાર

છેલ્લા 11 વર્ષમાં ભારત એક નવી સફર તરફ આગળ વધ્યું છે અને તેમાં ઘણી નવી સિદ્ધિઓ સંકળાઈ છે. દેશ અને દુનિયમાં ભારતની મજબૂત ધાક જોવા મળી રહી છે. ગામ-ગરીબ અને મધ્યમ વર્ગના સ્વપ્નને કેન્દ્ર સરકારે પ્રાથમિકતા આપી છે તો શહેરોમાં પણ તમામને મૂળભૂત સવલતો મળે તેનું ધ્યાન રાખવામાં આવ્યું છે. એક સમય હતો જ્યારે હવાઈ મુસાફરી ગરીબોનું સ્વપ્ન હતું જેને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના વડપણ હેઠળની કેન્દ્ર સરકારે 'ઉડાન' મારફતે સાકાર કર્યું છે. આજે હવાઈ ચંપલ પહેરનારો પણ હવાઈ જહાજમાં મુસાફરી કરી શકે છે. અંતરિયાળ ક્ષેત્રોમાં પણ હવાઈ સેવાની શરૂઆત થઈ છે.

ભારત હવે વિશ્વમાં ત્રીજું સૌથી મોટું સ્થાનિક અને દુનિયાનુ સૌથી સસ્તું વિમાનન બજાર બની ગયું છે. એરપોર્ટ પર પ્રવાસીઓની સંખ્યા વીતેલા આઠ વર્ષની સરખામણીએ બમણા કરતાં વધી ગઈ છે. ભારતની વિમાનન સુરક્ષા રેન્કિંગમાં પણ ઝડપથી સુધારો થયો છે. હવાઈ પરિવહનમાં ખર્ચની સરખામણીએ અર્થવ્યવસ્થાને સવા ત્રણ ગણો લાભ થાય છે અને હવાઈ પરિવહનમાં 100 નોકરીઓ પેદા થવાથી સમગ્ર અર્થવ્યવસ્થામાં છ ગણા કરતાં વધારે એટલે કે 610 નવી નોકરી પેદા થાય છે. વીતેલા દસથી 11 વર્ષમાં ભારતના વિમાનન ક્ષેત્રમાં ક્રાંતિકારી પરિવર્તન થયા છે.

આજે સામાન્યમાં સામાન્ય નાગરિકને હવાઈ મુસાફરીની સવલત મળી રહી છે. ઉડાન માત્ર એક યોજના નથી પરંતુ તે એક આંદોલન છે જેનો ઉદ્દેશ્ય પ્રત્યેક ભારતીય માટે હવાઈ યાત્રાને સરળ બનાવવાનો છે. ઉડાન યોજનાએ ભારતના વિમાનન ક્ષેત્રને વેગ આપ્યો છે. હવે ભારતનું લક્ષ્યાંક મોખરાના એવિએશન હબ બનવાની સાથે સાથે એક એવા ભવિષ્યનું નિર્માણ કરવાનું છે જ્યાં તમામ માટે આકાશ ખુલ્લું હોય, જ્યાં દુનિયાની પ્રત્યેક વ્યક્તિનું ઉડવાનું સ્વપ્ન સાકાર થાય. આ 27મી એપ્રિલે ઉડાન યાત્રાના આઠ વર્ષ પૂરા થઈ રહ્યા છે અને આ જ સંદર્ભમાં વિમાનન ક્ષેત્રમાં વીતેલા એક દાયકામાં થયેલા પરિવર્તનકારી સુધારા પર જ આ વખતના અંકની આવરણકથા છે.

આ ઉપરાંત વ્યક્તિત્વની શ્રેણીમાં બિહારી વીર બાંકુરા બાબુ કુંવરસિંહની પૂણ્યતિથી પર શ્રદ્ધાંજલિ, ફ્લેગશિપમાં પંચાયતી રાજ દિવસ પર શરૂ કરાયેલી સ્વામિત્વ યોજના, કેન્દ્રીય મંત્રી મંડળના નિર્ણય, મહાકુંભની સફળતા પર સંસદમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનું સંબોધન અને પખવાડીયામાં તેમના અન્ય કાર્યક્રમોને સામેલ કરવામાં આવ્યા છે.

આ ઉપરાંત ઈન સાઈડમાં મન કી બાત અને બેક કવરમાં વિશ્વ વિરાસત દિવસ પર છેલ્લા દસ વર્ષમાં વિશ્વ વિરાસત યાદીમાં સામેલ ભારતના 13 વારસા સ્થળ આ અંકની વિશેષતા છે.


આપ આપના સૂચનો મોકલતા રહો.

(ધીરેન્દ્ર ઓઝા)

**હિન્દી, અંગ્રેજી તથા અન્ય 11 ભાષાઓમાં ઉપલબ્ધ પત્રિકા વાંચો/ડાઉનલોડ કરો.**

**http://newindiasamachar.pib.gov.in/news.aspx**

# આપની વાત...






### ભારતની પત્રિકા ન્યૂ ઈન્ડિયા સમાચાર

ન્યૂ ઈન્ડિયા સમાચાર પત્રિકા વિકસિત ભારતના પ્રતિબિંબને દર્શાવે છે. આ પત્રિકા માત્ર ભારતીયોને જ નહીં પરંતુ વિશ્વને દેશના અલગ અલગ ખૂણામાં ભારતની પ્રગતિને નિહાળવા અને સમજવામાં મદદ કરે છે. એક ભારતીય તરીકે જ્યારે હું આ પત્રિકા વાંચું છું તો મને દેશ પર ગર્વની લાગણી થાય છે. મને નવા અંકની આતુરતા રહે છે.

thanksprasadv@gmail.com

### પત્રિકામાં સરળ અને સચોટ માહિતી હોય છે

ન્યૂ ઈન્ડિયા સમાચાર પત્રિકા તેના વિષય-વિવિધતાને કારણે તમામ માટે અત્યંત ઉપયોગી પુરવાર થાય છે. સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરનારાઓ માટે તેમાં સમ-સામયિક વિષયો પર સરળ અને સચોટ માહિતી ઉપલબ્ધ હોય છે. જન કલ્યાણ સાથે સંકળાયેલી સરકારી યોજનાઓની જાણકારી સંબંધિત લોકો સુધી પહોંચાડવામાં આ પત્રિકા ખાસ ભૂમિકામાં છે.

vkmodh2241@gmail.com

### ઘટનાઓ અંગે જાણકારી માટે એક શાનદાર સ્રોત ન્યૂ ઈન્ડિયા સમાચાર

ન્યૂ ઈન્ડિયા સમાચાર પત્રિકા આપણા દેશને આકાર આપનારી મહત્વપૂર્ણ ઘટનાઓ અને નીતિઓ વિષે જાણવા માટેનો એક મજબૂત સ્ત્રોત છે. આ એવા વિદ્યાર્થીઓ માટે પણ સારી પત્રિકા છે જે પરીક્ષાની તૈયારી કરી રહ્યા છે. હું આ પ્રકારના બહુમૂલ્ય સંસાધન માટે ટીમને અભિનંદન પાઠવું છું જેઓ વિવિધ ક્ષેત્રો અંગે માહિતી આપે છે.

sharmasourav1261@gmail.com

### મૂલ્યવાન અને વિશિષ્ટ પત્રિકા છે ન્યૂ ઈન્ડિયા સમાચાર

ન્યૂ ઈન્ડિયા સમાચાર એક તથ્યપરખ, સૂચનાત્મક અને વિશિષ્ટ પત્રિકા છે. આ એક માત્ર એવી પત્રિકા છે જેમાં વિકસિત ભારત અંગે માહિતી મળે છે. તેના દાયકાઓ સુધી સાચવીને રાખવી જોઈએ. તેમાં સરકારના પ્રયાસોનું વિવરણ અને વિકાસ અંગે વિવિધ માહિતી હોય છે. જે લોકો સુધી પહોંચી જાય છે.

ramchadalawada@gmail.com

### પત્રિકાના માધ્યમથી સરકારના કામકાજ અંગે માહિતી મળી

હું એક સેવાનિવૃત્ત નૌસેના અધિકારી છું. મને ન્યૂ ઈન્ડિયા સમાચાર પત્રિકા વાંચવા મળી. આ પત્રિકાના માધ્યમથી એ જાણીને મને આનંદ થયો કે કેન્દ્ર સરકાર દિલ્હીમાં કેવી રીતે કામ કરે છે.

કમોડોર રંજિત રાય

ranjitrai123@gmail.com


પત્ર વ્યવહાર અને ઈ-મેઈલ માટેનું સરનામું : રૂમ નં-316, નેશનલ મીડિયા સેન્ટર, રાયસિના રોડ, નવી દિલ્હી – 110001.
ઈ-મેઈલ - response-nis@pib.gov.in


ન્યૂ ઈન્ડિયા સમાચારને આકાશવાણીના એફએમ ગોલ્ડ પર દર શનિવાર-રવિવારે બપોરે 3.00થી 3.15 સુધી સાંભળવા માટે QR કોડ સ્કેન કરો

# સમાચાર સાર

## દુનિયા માગે ભારતની ચા-કૉફી

ભારતની કોફીનો સ્વાદ વિશ્વને ખૂબ જ પસંદ આવી રહ્યો છે. ભારતીય કૉફીની ધૂમનો અંદાજ એ વાત પરથી આવી શકે છે કે નાણાકીય વર્ષ 2024-25 અગાઉ 11 મહિનામાં જ કૉફી ઉત્પાદનોની નિકાસનો આંકડો એક અબજ ડોલરને પાર કરી ગયો છે. આ સતત ત્રીજું નાણાકીય વર્ષ છે કે જ્યારે કૉફી ઉત્પાદનોની નિકાસ એક અબજ ડૉલરથી વધુ રહી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અનેક વખત કહી ચૂક્યા છે કે આપણા બધાનું સ્વપ્ન હોવું જોઈએ કે વિશ્વના દરેક ડાઈનિંગ ટેબલ પર મેડ ઈન ઈન્ડિયા ફૂડનું એક પેકેટ હોવું જોઈએ. ભારતીય કૉફીની નિકાસમાં 2022માં 30.1 ટકા તો 2024માં 50 ટકાથી પણ વધુ વૃદ્ધિ નોંધાઈ છે. ભારતીય કૉફીના ખરીદનારાઓમાં યુરોપ સૌથી આગળ છે. કૉફીની નિકાસ વધવાથી ખેડૂતોને સીધો લાભ થઈ રહ્યો છે.

ભારત સાતમો સૌથી મોટો કૉફીનો ઉત્પાદક દેશ

આંકડા ટનમાં




*ચાની નિકાસમાં ભારત હાંસલ કર્યું બીજું સ્થાન, 2024માં 25.4 કરોડ કિલો ચાની નિકાસ કરી*





## પીએમ-ઉજ્જવલા યોજનામાં સિલિન્ડર રિફીલ બમણા થયા

પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજનામાં ગેસ કનેક્શન લેનારા મોટી સંખ્યામાં રિફીલ કરાવી રહ્યા છે. માત્ર કનેક્શનના આંકડા જ મોટા નથી પરંતુ છેલ્લા પાંચ વર્ષમાં એલપીજી સિલિન્ડર રિફીલ પણ બમણું થઈ ગયું છે. આ રાંધવામાં સ્વચ્છ ઈંધણના વધતા ઉપયોગ અને યોજનાઓની સફળતાને દર્શાવે છે. સિલિન્ડર રિફીલના આંકડા દર્શાવે છે કે રાંધવામાં સ્વચ્છ ઈંધણ અપનાવવામાં ઉલ્લેખનીય વૃદ્ધિ થઈ છે. તેનાથી ગ્રામીણ મહિલાઓના સ્વાસ્થ્યમાં સુધારો થયો છે અને પારંપારિક ઈંધણ પર નિર્ભરતા ઓછી થઈ છે. સબસિડી અને જાગૃતતા અભિયાનોએ સમગ્ર ભારતમાં નિરંતર એલપીજી ઉપયોગને વધારવામાં મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવી છે. કેન્દ્ર સરકારના જણાવ્યા અનુસાર 2025ની પહેલી માર્ચ સુધી દેશભરમાં 10.33 કરોડ પીએમ ઉજ્જવલા યોજનાના અંતર્ગત કનેક્શન અપાયા છે. તો આ નાણાકીય વર્ષમાં ફેબ્રુઆરી સુધીમાં 41.95 કરોડ સિલિન્ડર રિફીલ કરાવાયા છે જ્યારે 2023-24માં 39.38 કરોડ રિફીલ કરાયા હતા.

## GeM પર 5 લાખ કરોડ રૂપિયાથી વધુનો કારોબાર

ટેકનિકનો ઉપયોગ કરીને સરકારી ખરીદીમાં પારદર્શિતા માટે વર્ષ 2016માં શરૂ કરાયેલા સરકારી ઈ માર્કેટપ્લેસ GeM પર માત્ર રજિસ્ટર ઉત્પાદનો, વિક્રેતા અને ખરીદનારાની સંખ્યા જ નથી વધી રહી પરંતુ આ પ્લેટફોર્મ પર સરકારી ખરીદી પણ ઝડપથી વધી રહી છે. નાણાકીય વર્ષ 2016-17ના 422 કરોડની સરખામણીએ 2024-25માં GeM પર પાંચ લાખ કરોડ રૂપિયાથી વધુનું ખરીદ-વેચાણ થયું છે. પારદર્શિતા અને સરકારી ખજાનાની જવાબદારીઓ અંતર્ગત જીઈએમએ છેલ્લા આઠ વર્ષમાં 1.15 લાખ કરોડ રૂપિયાથી વધુની બચત સરકારી ખરીદીમાં કરાવી છે. આ પ્લેટફોર્મ પર 16 લાખથી વધુ નોંધાયેલા સરકારી ખરીદદારો છે તો બીજી તરફ 22 લાખથી વધુ વિક્રેતા અને સેવા આપનારા પણ જોડાયેલા છે.

**સરકારી ઈ-માર્કેટપ્લેસ પર આ રીતે વધતો ગયો વેપાર** (આંકડા કરોડ રૂપિયામાં)

| | |
|---|---|
| 2020-21 | 38,576 |
| 2021-22 | 1,06,700 |
| 2022-23 | 2 લાખ |
| 2023-24 | 4 લાખ |
| 2024-25 | 5 લાખ |






## પદ્મ પુરસ્કાર-2026 માટે નામાંકન શરૂ

*પદ્મ પુરસ્કાર-2026 માટે ઓનલાઈન નામાંકનની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. નામાંકનની અંતિમ તારીખ 31 જુલાઈ 2025 છે. આ નામાંકન કે ભલામણ રાષ્ટ્રીય પુરસ્કાર પોર્ટલ https://awards.gov.in પર ઓનલાઈન કરી શકાય છે. નામાંકન/ભલામણોમાં પોર્ટલ પર ઉપલબ્ધ ફોર્મેટમાં નિર્ધારિત તમામ પ્રાસંગિક માહિતી અને સબંધિત વ્યક્તિના વિષયમાં વિસ્તારપૂર્વક વિવરણ વધુમાં વધુ 800 શબ્દોમાં સામેલ હોવું જોઈએ. ઉત્કૃષ્ટ કાર્ય માટે પદ્મ પુરસ્કારમાં વ્યક્તિને પદ્મ વિભૂષણ, પદ્મભૂષણ અને પદ્મશ્રીથી સમ્માનિત કરાય છે.*

## વર્ષ 2026માં 31 માર્ચ પહેલા દેશ નક્સલ મુક્ત થઈ જશે




કેન્દ્ર સરકાર નક્સલીઓની વિરૂદ્ધ આકરામાં આકરાં વલણ સાથે આગળ વધી રહી છે. સમર્પણથી લઈને સમાવેશનની તમામ સુવિધાઓ છતાં જે નક્સલી આત્મસમર્પણ નથી કરી રહ્યા તેમની સામે સરકાર ઝીરો ટોલરન્સની નીતિ અપનાવી રહી છે. જેને કારણે જ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું છે કે આગામી વર્ષે 31 માર્ચ 2026 અગાઉ દેશ નક્સલ મુક્ત થવાનો છે. સરકારના આ કડક વલણને કારણે વર્ષ 2025માં અત્યાર સુધીમાં 90 નક્સલીઓ માર્યા ગયા છે, 104ને ઝડપી લેવાયા છે જ્યારે 164 નક્સલીઓએ આત્મસમર્પણ કર્યું છે. વર્ષ 2024માં 290 નક્સલીઓને ન્યૂટ્રલાઈઝ કરાયા હતા, 1090ની ધરપકડ કરાઈ અને 881એ આત્મસમર્પણ કર્યું હતું. વર્ષ 2004થી 2014ની વચ્ચે નક્સલી હિંસાની કુલ 16,463 ઘટનાઓ બની હતી જ્યારે 2014થી 2024ની વચ્ચે હિંસક ઘટનાઓની સંખ્યા 53 ટકા ઘટીને 7,744 રહી ગઈ છે.

## ભારતે વિકસિત કરી પહેલી સ્વદેશી એમઆરઆઈ મશીન

ભારતે પહેલી સ્વદેશી એમઆરઆઈ મશીન વિકસિત કરી છે જેને દિલ્હીના અખિલ ભારતીય આયુર્વિજ્ઞાન સંસ્થાનમાં સ્થાપિત કરાશે. આ પગલાંનો ઉદ્દેશ્ય ઉપચાર પડતર અને આયાતી ચિકિત્સા ઉપકરણો પર નિર્ભરતાને ઓછી કરવાનો છે. અત્યારે 80-85 ટકા ઉપકરણ આયાત કરાય છે. સ્વદેશી એમઆરઆઈથી ભારતને મેડિકલ ટેકનોલોજીમાં વધુ આત્મનિર્ભર બનવામાં મદદ મળશે. ઈલેક્ટ્રોનિક્સ અને સૂચના પ્રૌદ્યોગિકી મંત્રાલયે બે મહત્વપૂર્ણ હેલ્થકેર ટેક્નોલોજી, 1.5 ટેસ્લા એમઆરઆઈ સ્કેનર અને 6 એમઈવી લિનિયર એક્સેલેરેટરના વિકાસનું નેતૃત્વ કર્યું છે.



'સબ કા પ્રયાસ'નું સાક્ષાત સ્વરૂપ

# મહાકુંભ



**જ્યારે એક રાષ્ટ્રની ચેતના જાગૃત થાય છે, જ્યારે તે સેંકડો વર્ષોની ગુલામીની માનસિકતાના તમામ બંધનોને તોડીને નવ ચૈતન્ય સાથે હવામાં શ્વાસ લેવા લાગે છે તો એવું જ દ્રશ્ય ઉપસ્થિત થાય છે જેવું 13 જાન્યુઆરીથી 26 ફેબ્રુઆરી 2025 સુધી પ્રયાગની ધરતી પર દેશ-દુનિયાએ જોયું. લગભગ 67 કરોડ લોકોનું સામૂહિક એકત્રિકરણ, એક અદભૂત, અવિસ્મરણીય ઈતિહાસ રચાયો. આસ્થાની ડૂબકી લગાવનારા શ્રદ્ધાળુઓના ચહેરા પર પવિત્ર સંગમ સ્નાન બાદ અપાર આનંદ અને સંતોષ હતો. આ ચહેરા સાક્ષી બની ગયા એ યુગ પરિવર્તનના જે ભારતનું નવું ભવિષ્ય લખવા જઈ રહ્યું છે. આ સફળતાની ગૂંજ સંસદના બજેટ સત્રના બીજા ભાગમાં પણ જોવા મળી, જ્યારે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પ્રયાગરાજમાં મહાકુંભના સફળ સમાપન બાદ 18મી માર્ચે લોકસભાને સંબોધિત કરી. તેમણે દેશના એ અસંખ્ય નાગરિકોને હાર્દિક અભિનંદન આપ્યા જેમના પ્રયાસોથી મહાકુંભની ભવ્ય સફળતા સુનિશ્ચિત થઈ. મહાકુંભને સફળ બનાવવામાં વિભિન્ન વ્યક્તિ અને સમુહોના સામૂહિક યોગદાન પર પ્રકાશ પાડતા તેમણે સરકાર, સમાજ અને તેમાં સામેલ તમામ સમર્પિત કાર્યકર્તાઓના પ્રયાસોને સ્વિકાર કરીને તેમની સરાહના કરી. પ્રસ્તુત છે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનું મૂળ સંબોધન...**

હું પ્રયાગરાજમાં યોજાયેલા મહાકુંભ પર વક્તવ્ય આપવા માટે ઉપસ્થિત થયો છું. હું આ સદનના માધ્યમથી દેશવાસીઓને કોટિ-કોટિ નમન કરું છું, જેમને કારણે મહાકુંભનું સફળ આયોજન થયું. મહાકુંભની સફળતામાં અનેક લોકોનું યોગદાન છે. હું સરકારના, સમાજના, તમામ કર્મયોગીઓનું અભિનંદન કરું છું. હું દેશભરના શ્રદ્ધાળુઓને ઉત્તર પ્રદેશની જનતાને વિશેષ રીતે પ્રયાગરાજની જનતાનો ધન્યવાદ કરું છું.

આપણે બધા જાણીએ છીએ કે ગંગાજીને ધરતી પર લાવવા માટે એક ભગીરથ પ્રયાસ થયો હતો. એવો જ મહાપ્રયાસ આ મહાકુંભના ભવ્ય આયોજનમાં પણ આપણે જોયો છે. મેં લાલ કિલ્લા પરથી સબ કા પ્રયાસના મહત્વ પર જોર આપ્યું હતું. સમગ્ર વિશ્વએ મહાકુંભના રૂપમાં ભારતના વિરાટ સ્વરૂપના દર્શન કર્યા. સબ કા પ્રયાસ (તમામનો પ્રયાસ) નું આ જ સાક્ષાત સ્વરૂપ છે. આ જનતા-જનાર્દનનું, જનતા-જનાર્દનના સંકલ્પો માટે, જનતા-જનાર્દનની શ્રદ્ધાથી પ્રેરિત મહાકુંભ હતો.

મહાકુંભમાં આપણે આપણી રાષ્ટ્રીય ચેતનાના જાગરણના વિરાટ દર્શન કર્યા છે. આ જે રાષ્ટ્રીય ચેતના છે, તે રાષ્ટ્રને નવા સંકલ્પોની તરફ લઈ જાય છે, આ નવા સંકલ્પોની સિદ્ધિ માટે પ્રેરિત કરે છે. મહાકુંભે એ શંકાઓ-આશંકાઓને પણ ઉચિત જવાબ આપ્યો છે, જે આપણા સામર્થ્યને લઈને કેટલાક લોકોના મનમાં રહે છે.

ગયા વર્ષે આયોધ્યામાં રામમંદિર પ્રાણ પ્રતિષ્ઠા સમારોહમાં આપણે બધાએ અનુભવ્યું હતું કે દેશ આગામી 1,000 વર્ષ માટે તૈયાર થઈ રહ્યો છે. તેના બરાબર એક વર્ષ બાદ મહાકુંભના આ આયોજને આપણા બધાના એ વિચારને વધુ દ્રઢ કર્યો છે. દેશની આ સામૂહિક ચેતના દેશના સામર્થ્યને દર્શાવે છે. કોઈ પણ રાષ્ટ્રના જીવનમાં, માનવ જીવનના ઈતિહાસમાં પણ અનેક વળાંક આવે છે, જે સદીઓ માટે, આવનારી પેઢીઓ માટે ઉદાહરણ બની જાય છે. આપણા દેશના ઈતિહાસમાં પણ એવી પળ આવી છે જેણે દેશને નવી દિશા આપી, દેશને ઝંઝોળીને જાગૃત કરી દીધો. જેમકે ભક્તિ આંદોલનના કાલખંડમાં આપણે જોયું છે કે દેશના ખૂણે-ખૂણામાં આધ્યાત્મિક ચેતના ઊભરી હતી. સ્વામી વિવેકાનંદજીએ શિકાગોમાં એક સદી પહેલા જે ભાષણ આપ્યું, તે ભારતની આધ્યાત્મિક ચેતનાનો જયઘોષ હતો, તેણે ભારતીયોના આત્મસન્માનને જગાવી દીધો હતો. આપણી આઝાદીના આંદોલનમાં પણ અનેક એવા પડાવ આવ્યા છે. 1857નો સ્વતંત્રતા સંગ્રામ હોય, વીર ભગતસિંહની શહીદીનો સમય હોય, નેતાજી બાબુનો દિલ્હી ચલોનો જયઘોષ હોય, ગાંધીજીની દાંડી યાત્રા હોય, એવા જ પડાવોથી પ્રેરણા મેળવીને ભારતે આઝાદી હાંસલ કરી. હું પ્રયાગરાજમાં મહાકુંભને પણ એવા જ એક મહત્વના પડાવના



રૂપમાં જોઉં છું, જેમાં જાગૃત થતા દેશનું પ્રતિબિંબ નજરે પડે છે. આપણે આશરે દોઢ મહિના સુધી ભારતમાં મહાકુંભનો ઉત્સાહ જોયો, ઉમંગનો અનુભવ કર્યો. કેવી સુવિધાઓ-અસુવિધાઓની ચિંતાથી ઉપર ઉઠીને, કોટી-કોટી શ્રદ્ધાળુ, શ્રદ્ધા ભાવથી જોડાયા, આ આપણી બહુ મોટી તાકાત છે પરંતુ આ ઉમંગ, આ ઉત્સાહ માત્ર અહીં સુધી જ સીમિત ન હતો. વીતેલા સપ્તાહમાં હું મોરેશિયસ હતો, હું ત્રિવેણીથી, પ્રયાગરાજથી મહાકુંભના સમયનું પાવન જળ લઈને ગયો હતો. એ પવિત્ર જળને મોરેશિયસના ગંગા તળાવમાં અર્પિત કર્યું તો ત્યાં જે શ્રદ્ધાનો, આસ્થાનો, ઉત્સવનો માહોલ હતો એ જોવા લાયક હતો. એ દર્શાવે છે કે આજે આપણી પરંપરા, આપણી સંસ્કૃતિ, આપણા સંસ્કારોને આત્મસાત કરવાની, તેને સેલિબ્રેટ કરવાની ભાવના કેટલી પ્રબળ થઈ રહી છે.

હું એ પણ જોઈ રહ્યો છું કે પેઢી દર પેઢી આપણા સંસ્કારોનો આગળ વધવાનો જે ક્રમ છે, એ પણ કેટલી સહજતાથી આગળ વધી રહ્યો છે. આપ જૂઓ, જે આપણી મોર્ડન યુવા પેઢી છે, એ કેટલી શ્રદ્ધા-ભાવ સાથે મહાકુંભમાં જોડાયેલી રહી, બીજા ઉત્સવોથી જોડાઈ રહ્યા છે. આજે ભારતનો યુવાન પોતાની પરંપરા, પોતાની આસ્થા, પોતાની શ્રદ્ધાને ગર્વ સાથે અપનાવી રહ્યો છે.

એક સમાજની ભાવનાઓમાં પોતાના વારસા પર ગર્વનો ભાવ વધે છે, તો આપણે એવી જ ભવ્ય-પ્રેરક તસવીર જોઈએ છીએ, જે આપણે મહાકુંભ દરમિયાન જોઈ છે. તેનાથી પરસ્પર ભાઈચારો વધે છે અને આ આત્મવિશ્વાસ વધે છે કે એક દેશના રૂપે આપણે મોટા લક્ષ્યોને પ્રાપ્ત કરી શકીએ છીએ. આપણી પરંપરાઓથી, આપણી આસ્થાથી, આપણા વારસાથી જોડવાની આ ભાવના આજના ભારતની ખૂબ જ મોટી મૂડી છે.

મહાકુંભમાંથી અનેક અમૃત નીકળ્યા છે, એકતાનું અમૃત તેનો અત્યંત પવિત્ર પ્રસાદ છે. મહાકુંભ એવું આયોજન રહ્યું, જેમાં દેશના દરેક ક્ષેત્રથી, દરેક ખૂણામાંથી આવેલા લોકો એક થઈ ગયા, લોકો અહમ ત્યાગીને, વયમના ભાવથી, હું નહીં, પણ આપણાની ભાવનાથી પ્રયાગરાજમાં જોડાયા. અલગ-અલગ રાજ્યોમાંથી આવીને લોકો પવિત્ર ત્રિવેણીનો હિસ્સો બન્યા. અલગ-અલગ ક્ષેત્રોમાંથી આવીને કરોડો-કરોડો લોકો રાષ્ટ્રીયતાના ભાવને મજબૂતી આપે છે તો દેશની એકતા વધે છે. અલગ-અલગ ભાષાઓ-બોલીઓ બોલનારા લોકો સંગમ તટ પર હર-હર ગંગેનો ઉદઘોષ કરે છે તો એક ભારત શ્રેષ્ઠ ભારતની ઝલક દેખાય છે, એકતાની ભાવના વધે છે. મહાકુંભમાં આપણે જોયું કે ત્યાં નાના-મોટાનો કોઈ ભેદ ન હતો, આ ભારતનું ઘણું મોટું સામર્થ્ય છે. આ દર્શાવે છે કે એકતાનું અદ્ભૂત તત્વ આપણી અંદર રચ્યું-પચ્યું છે. આપણી એકતાનું સામર્થ્ય એટલું છે કે એ ભેદભાવના તમામ પ્રયાસોને પણ ભેદી નાખે છે. એકતાની આ ભાવના જ ભારતીયોનું ખૂબ મોટું સૌભાગ્ય છે. આજે સમગ્ર વિશ્વમાં જે વિભાજનની સ્થિતિઓ છે. આ ગાળામાં એકજૂથતાનું આ વિરાટ પ્રદર્શન આપણી ઘણી મોટી તાકાત છે. અનેકતામાં એકતા ભારતની વિષેશતા છે, આ આપણે હંમેશા કહેતા આવ્યા છીએ, આ આપણે હંમેશા અનુભવ્યું છે અને તેના જ વિરાટ રૂપનો અનુભવ આપણે પ્રયાગરાજ મહાકુંભમાં કર્યો છે. આપણું દાયિત્વ છે કે અનેકતામાં એકતાની આ વિશેષતાને આપણે નિરંતર સમૃદ્ધ કરતા રહીએ.

મહાકુંભથી આપણને અનેક પ્રેરણાઓ પણ મળી છે. આપણા દેશમાં આટલી બધી નાની-મોટી નદીઓ છે, કેટલીક નદીઓ એવી છે, જેના પર સંકટ પણ આવી રહ્યું છે. કુંભથી પ્રેરણા લઈને આપણે નદી ઉત્સવની પરંપરાને નવો વિસ્તાર આપવો પડશે, આ અંગે આપણે ચોક્કસ વિચારવું જોઈએ, તેનાથી વર્તમાન પેઢીને પાણીનું મહત્વ સમજાશે, નદીઓની સાફ-સફાઈને વેગ મળશે, નદીઓનું રક્ષણ થશે. મને વિશ્વાસ છે કે મહાકુંભથી નીકળેલું અમૃત આપણા સંકલ્પોની સિદ્ધિનું ખૂબ જ મજબૂત માધ્યમ બનશે. હું ફરી એક વાર મહાકુંભના આયોજન સાથે જોડાયેલી પ્રત્યેક વ્યક્તિની પ્રશંસા કરું છું, દેશના તમામ શ્રદ્ધાળુઓને નમન કરું છું, સદન તરફથી મારી શુભકામના આપું છું. ■

# બિહારી વીર બાંકુરા

**80 વર્ષની વયે મોટાભાગના લોકો મોટાભાગે પથારી પકડી લે છે, બિહારના એક રણબાંકુરેએ વીરતાની એક એવી અમર વાર્તા લખી દીધી, જે યુગો સુધી લોકો માટે પ્રેરણા બની ગઈ. આ વીરગાથા છે બાબુ કુંવર સિંહની, જેમના અંગે ખુદ બ્રિટિશ ઈતિહાસકાર હોમ્સે લખ્યું હતું, એ વૃદ્ધ રાજપુતે બ્રિટિશ સત્તાની વિરૂદ્ધ અદભૂત વીરતા અને આન-બાનની સાથે લડાઈ લડી. એ તો સારું હતું કે યુદ્ધના સમયે કુંવર સિંહની વય 80ની આસપાસ હતી. જો તેઓ યુવાન હોત તો કદાચ અંગ્રેજોએ 1857માં જ ભારત છોડવું પડ્યું હોત.**



**જન્મઃ 13 નવેમ્બર 1777 ■ મૃત્યુઃ 26 એપ્રિલ 1858**

વર્ષ 1857ની ક્રાંતિમાં કેટલાક એવા વીર નાયકો હતા, જેમણે પ્રાણોની આહુતિ આપીને આઝાદીની જ્યોતિને આલોકિત કરી હતી. બિહારના ભોજપુર જિલ્લાના જગદીશપુર ગામમાં 13 નવેમ્બર 1777ના રોજ બાબુ સાહબજાદા સિંહ અને પંચરત્ન કુંવરના ઘરે એક એવા જ વીર નાયકે જન્મ લીધો, નામ રખાયું બાબુ કુંવર સિંહ. બાળપણથી જ મેધાવી કુંવર સિંહ હથિયાર ચલાવવાનો રોજ અભ્યાસ કરતો. એ સમયે કોઈને અંદાજ પણ ન હતો કે આ જ કુંવર સિંહ આગળ જતા આઝાદીના પ્રથમ સવતંત્રતા સંગ્રામમાં એવો ધ્રુવ તારો બનશે, જેની વીરગાથા સદીઓ સુધી યુવાનોને પ્રેરણા આપશે.

વાત જુલાઈ, 1857ની છે. પટનામાં ક્રાંતિના બ્યુગલની વચ્ચે તેમના નેતાઓને અંગ્રેજોએ ફાંસી પર ચડાવી દીધા હતા. આ ઘટનાથી ઉશ્કેરાયેલા દાનાપુર રેજિમેન્ટના ભારતીય સિપાહીઓએ યુદ્ધ છેડી દીધું અને જગદીશપુર તરફ કૂચ કરી ગયા. સમાચાર મળતાં જ બાબુ કુંવર સિંહ તરત પોતાના મહેલમાંથી નીકળ્યા અને તે સેનાનું નેતૃત્વ સંભાળી લીધું. કુંવર સિંહએ આરાથી લઈને ઉત્તર પ્રદેશના આઝમગઢ સુધી અંગ્રેજોને ખદેડી દીધા. છાપામાર યુદ્ધના સૌથી નિપૂણ યોદ્ધા મનાતા વીર કુંવર સિંહનું સાહસ એવું હતું કે આઠ મહિના સુધી અંગ્રેજી હુકૂમત તેમની સાથે મુકાબલો કરવાથી બચતી રહી. આ દરમિયાન બાબુ કુંવર સિંહ પોતાના બહાદૂર સૈનિકોની સાથે બાંદા, રીવા, આઝમગઢ, બનારસ, બલિયા, ગાઝીપુર અને ગોરખપુરમાં વિપ્લવના નગારા વગાડતા રહ્યા. જોકે, અંગ્રેજોએ લખનૌ પર ફરી કબજો કર્યા બાદ આઝમગઢ પર પણ કબજો કરી લીધો. આ દરમિયાન કુંવર સિંહ બિહાર તરફ પાછા ફરવા લાગ્યા. તેઓ જગદીશપુર જવા માટે ગંગા પાર કરી રહ્યા હતા ત્યારે તેમના ખભા પર એક અંગ્રેજની ગોળી આવીને વાગી. કહેવાય છે કે તેમણે તલવારથી પોતાનો હાથ કાપીને નદીમાં પ્રવાહિત કરતા કહ્યું, લો ગંગા માઈ, તારી ઈચ્છા છે તો આ પણ ખરું. આ પછી પણ કુંવર સિંહ રોકાયા નહીં. તેમણે જગદીશપુર કિલ્લા પરથી યુનિયન જેકનો ઝંડો ઊતારીને જ રાહત અનુભવી. જોકે, પછીથી તેઓ પોતાના હાથના ઊંડા ઘાને સહન કરી શક્યા નહીં અને પછીના દિવસે જ 26 એપ્રિલ 1858ના રોજ માતૃભૂમિની રક્ષા કરતા પોતાનું બલિદાન આપી દીધું.

કુંવર સિંહ એક મહાન યોદ્ધા જ ન હતા પરંતુ પોતાના જીવનકાળમાં તેમણે અનેક સામાજિક કાર્યો પણ કર્યા અને ગરીબ લોકોની ખૂબ જ મદદ કરી. લોકોની સુવિધા અને જલ આપૂર્તિ માટે તેમણે અનેક કૂવા ખોદાવ્યા અને જળાશયો પણ બનાવડાવ્યા. બિહારની અનેક લોક ભાષાઓમાં તેમના પ્રશસ્તિ ગીત આજે પણ ગવાય છે. 2015ની 18મી ઓગસ્ટે બિહારમાં આરાની ભૂમિ પરથી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કુંવર સિંહને યાદ કર્યા હતા અને કહ્યું હતું કે રઉવા સબા લોગ કે હમાર પ્રણામ. લોકસભા ચુનાવ કે બાદ હમ ભોજપુર આઈલ બાની. વીર કુંવર સિંહ કી ધરતી પર રઉવા સબકે બહુત-બહુત અભિનંદન. ■

# મારા માટે દેશ દેવ, જનતા ઈશ્વર

હજારો વર્ષોની મહાન સંસ્કૃતિ અને વેદથી વિવેકાનંદ સુધીની પરંપરાની સાથે 140 કરોડ નાગરિકનું સામર્થ્ય જ આજે સમગ્ર વિશ્વમાં ભારતની ઓળખ બન્યું છે. આ બુદ્ધ અને મહાત્મા ગાંધીની એ પાવન ધરા છે, જે સંઘર્ષ નહીં, સમન્વય ઈચ્છે છે. ભારતના આ જ સામર્થ્યનો ઉલ્લેખ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ અમેરિકન પોડકાસ્ટ લેક્સ ફ્રિડમેનની સાથે પોતાના આશરે ત્રણ કલાકના પોડકાસ્ટમાં કર્યો. સંઘ પાસેથી મળેલી શીખ, બાળપણથી સંઘર્ષ અને પ્રેરણાની સાથે તેઓએ એ તમામ નહીં સ્પર્શેલા મુદ્દાઓ પર વિગતવાર વાત કરી, જેઓએ ન માત્ર તેમના વ્યક્તિગત અને સાર્વજનિક જીવનને વિસ્તાર આપ્યો પરંતુ દેશને દેવ અન જનતાને ઈશ્વર માનીને શાસનના મૉડેલને ચૂંટણીને બદલે નાગરિક કેન્દ્રીત બનાવવામાં પણ મદદ કરી. વાંચો પોડકાસ્ટના સંપાદિત અંશ...

## ઉપવાસ, આધ્યાત્મિકતા, શરીર, મન, બુદ્ધિ, આત્મા અને મનુષ્યતા પર

પોડકાસ્ટર ફ્રીડમેને જ્યારે એમ કહ્યું કે આ ઈન્ટરવ્યૂના સન્માન અને તૈયારી માટે તેમણે પોતે 45 કલાકના ઉપવાસ રાખ્યા છે, પીએમ મોદીએ તેમનો આભાર વ્યક્ત કરતા કહ્યું કે ભારતમાં ધાર્મિક પરંપરાઓ જીવન શૈલીના રૂપે છે. અમારી સુપ્રીમ કોર્ટે હિંદુ ધર્મની ખૂબ જ સરસ વ્યાખ્યા કરી છે. સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે હિંદુ ધર્મમાં કોઈ પૂજા-પાઠ, પૂજા પદ્ધતિનું નામ નથી. આ જીવન જીવવાની રીત છે. અમારા શાસ્ત્રોમાં શરીર, મન, બુદ્ધિ, આત્મા, મનુષ્યતાને કોઈક રીતે ઊંચાઈ પર લઈ જવાનો છે, આ તમામ વિષયો પર એક પ્રકારની ચર્ચા પણ છે. એના માટે કેટલાક રસ્તા પણ છે. કેટલીક પરંપરા છે, વ્યવસ્થા છે. એમાંનું એક ઉપવાસ પણ છે, ઉપવાસ જ તમામ નથી. જેઓ હિન્દુસ્તાનને ઓળખતા નથી એવા દર્શકો માટે કહું તો જીવનને આંતર-બાહ્ય બંને પ્રકારના અનુશાસન માટે આ અત્યંત ઉપકારક છે. આ જીવનના ઘડતરમાં પણ કામ આવે છે. શરીરની ઈન્દ્રિયોની સક્રિયતાથી લઈને મસ્તિષ્કમાં વિચારો સુધી તેનો પ્રભાવ જોવા મળે છે.



## આશાવાદ અને સકારાત્મકતા પર

પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે હું સ્વભાવથી જ અત્યંત આશાવાદી વ્યક્તિ છું. નિરાશાવાદ અને નકારાત્મકતા મારા સોફ્ટવેરમાં નથી. બાળપણમાં મારા ઘરમાં કોઈ બારી પણ ન હતી. અમે ક્યારેય ગરીબીનો બોજો અનુભવ્યો નથી. મારા મામાએ મને કેનવાસના જૂતા ખરીદીને આપ્યા હતા. તેના પર ડાઘ લાગી જતા હતા. સ્કૂલમાંથી ચોકના ટૂકડા લાવીને પલાળીને સફેદ જૂતા પર પૉલીશ કરી લેતો હતો. મને કપડા વગેરે પણ સારી રીતે પહેરવાની ટેવ છે. અમારી પાસે ઈસ્ત્રી કરવાની કોઈ વ્યવસ્થા ન હતી. હું તાંબાના લોટામાં ગરમ પાણી કરીને ચિપિયાથી પકડીને કપડામાં ઈસ્ત્રી કરી લેતો હતો. હું ક્યારેય એકલતા અનુભવતો નથી. કેમકે હું હંમેશા 1+1 થિયરીને માનું છું. આ થિયરી મારું સાત્વિક સમર્થન કરે છે. કોઈ પુછશે કે આ 1+1 શું છે. આમાં પહેલું વન મોદી છે અને બીજું વન ઈશ્વર છે. હું એકલો ક્યારેય નથી હોતો, તે હંમેશા મારી સાથે રહે છે. હું હંમેશા એ જ ભાવ સાથે કામ કરૂં છું. નર સેવા જ નારાયણ સેવા છે.

### મુશ્કેલીઓમાંથી પ્રેરણા

પીએમ મોદીએ કહ્યું કે હું તમામ નવયુવાનોને કહેવા માગીશ કે જીવનમાં રાત ગમે એટલી અંધારી કેમ ન હોય, પરંતુ એ રાત જ છે, જેના પછી સવાર થવી નક્કી હોય છે. તેથી આપણી અંદર ધૈર્ય અને આત્મવિશ્વાસ જોઈએ. આ હાલત છે અને હું હાલતના લીધે નથી. ઈશ્વરે મને કોઈક કામ માટે મોકલ્યો છે, આ ભાવ હોવો જોઈએ. હું એકલો નથી, જેણે મને મોકલ્યો છે, એ મારી સાથે છે. આ એક અતૂટ વિશ્વાસ હોવો જોઈએ. કઠીનાઈ પણ કસોટી માટે છે, કઠીનાઈઓ મને નિષ્ફળ કરવા માટે નથી. મુસિબતો મને મજબૂત બનાવવા માટે છે, મુસિબતો મને હતાશ-નિરાશ કરવા માટે નથી. હું તો દરેક આવા સંકટને દરેક મુસિબતને હંમેશા અવસર માનું છું.

### એક રાષ્ટ્રના રૂપમાં ભારત અંગેના સવાલ પર

ભારત, એક સાસંકૃતિક ઓળખ છે અને હજારો વર્ષ જૂની સિવિલાઈઝેશન છે. ભારતની વિશાળતા જૂઓ, 100થી વધુ ભાષા, હજારો બોલી, આપ ભારતમાં થોડા માઈલે જાવ, અમારે ત્યાં કહે છે, વીસ માઈલ જવા પર બોલી બદલાઈ જાય છે, રિવાજ બદલાઈ જાય છે, વ્યંજન બદલાઈ જાય છે, પહેરવેશ બદલાઈ જાય છે. દક્ષિણથી લઈને ઉત્તર ભારત સુધી, હવે સમગ્ર દેશમાં વિવિધતાઓ જોવા મળશે. પરંતુ જ્યારે થોડા વધુ ઊંડાણમાં જઈએ, તો આપને એક તંતુ મળશે, જેમાં હું કહું કે અમારે ત્યાં ભગવાન રામની ચર્ચા દરેક મુખથી સાંભળવા મળશે, રામનું નામ દરેક જગ્યાએ સાંભળવા મળશે. પરંતુ હવે આપ જોશો કે તામિલનાડુથી શરૂ કરીશું, જમ્મુ-કાશ્મીર સુધી જઈશું, આપને કોઈને કોઈ વ્યક્તિ મળશે, જેના નામમાં ક્યાંકને ક્યાંક રામ હશે.

### રશિયા-યુક્રેન યુદ્ધ સહિત વિશ્વમાં શાંતિ અને વિશ્વાસ પર

પીએમ મોદીએ કહ્યું કે હું એ દેશનું પ્રતિનિધિત્વ કરી રહ્યો છું, જે ભગવાન બુદ્ધ અને મહાત્મા ગાંધીની ભૂમિ છે. આ એવા મહાપુરૂષ છે કે જેમના ઉપદેશ, જેમની વાણી, વર્તન, વ્યવહાર સમગ્રતઃ શાંતિને સમર્પિત છે અને તેથી સાંસ્કૃતિક રૂપથી, ઐતિહાસિક રૂપથી આપણું બેકગ્રાઉન્ડ એટલું મજબૂત છે કે જ્યારે પણ અમે શાંતિ માટે વાત કરીએ છીએ તો વિશ્વ અમને સાંભળે છે. અમે પ્રકૃતિ સાથે સંઘર્ષ નથી ઈચ્છતા, કે ન તો અમે રાષ્ટ્રો વચ્ચે સંઘર્ષ ઈચ્છીએ છીએ. અમે સમન્વય ઈચ્છનારા લોકો છીએ અને એમાં જો કોઈ ભૂમિકા અમે અદા કરી શકીએ છીએ તો અમે નિરંતર અદા કરવાનો પ્રયત્ન કર્યો છે. હું રાષ્ટ્રપતિ પુતિનની સામે બેસીને મીડિયાને કહી શકું છું કે આ યુદ્ધનો સમય નથી અને હું જેલેન્સ્કીને પણ એક મિત્રના ભાવથી કહું છું કે ભાઈ, વિશ્વ ભલે આપની સાથે ગમે એટલું ઊભું કેમ ન હોય યુદ્ધ ભૂમિમાં ક્યારેય પરિણામ નહીં આવી શકે. પરિણામ તો ટેબલ પર જ નીકળવાનું છે અને ટેબલ પર પરિણામ ત્યારે નીકળશે જ્યારે એ ટેબલ પર યુક્રેન અને રશિયા બંને ઉપસ્થિત હશે.



## ભારત અને ચીન પ્રતિસ્પર્ધા કરે, ટકરાવ નહીં

ચીન સાથે સંકળાયેલા સવાલ પર પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે ભારત અને ચીનનો સબંધ કાંઈ આજકાલનો નથી, બંને પુરાતન સંસ્કૃતિ છે. આધુનિક વિશ્વમાં પણ તેમની પોતાની ભૂમિકા છે. આપ જો જૂના રેકોર્ડ જોશો સદીઓ સુધી ચીન અને ભારત એક બીજા પાસેથી શીખતા રહ્યા છે. બંને મળીને વિશ્વની ભલાઈ માટે કંઈકને કંઈક યોગદાન આપતા રહ્યા છે. જૂના ગ્લોબલ રેકોર્ડ દર્શાવે છે કે એક સમયે વિશ્વની જીડીપીમાં 50 ટકાથી વધુ યોગદાન એકલા ભારત અને ચીનનું રહેતું હતું. હું જાણું છું કે આટલા સશક્ત સબંધ રહ્યા, આટલા સારા સાંસ્કૃતિક સબંધ રહ્યા અને અગાઉની સદીઓમાં કોઈ આપણી વચ્ચે સંઘર્ષનો ઈતિહાસ નથી મળતો. હંમેશા એક બીજા પાસેથી શીખવું, એક બીજાને જાણવાનો જ પ્રયાસ રહ્યો છે. રાષ્ટ્રપતિ શી જિનપિંગની સાથે પોતાના સબંધો પર પીએમ મોદીએ કહ્યું કે અમે વિવાદ પર નહીં સંવાદ પર જોર આપીએ છીએ. અમારા મતભેદ વિવાદમાં ફેરવાય નહીં તેના પર અમારું જોર રહ્યું છે. રાષ્ટ્રપતિ શી જિનપિંગની સાથે મારી બેઠક બાદ અમે સરહદ પર સામાન્ય સ્થિતિનું પુનરાગમન નિહાળ્યું છે. અમે 2020થી અગાઉના સ્તર પર સ્થિતિઓને બહાલ કરવા માટે કામ કરી રહ્યા છીએ. વિશ્વાસમાં સમય લાગશે પરંતુ અમે વાતચીત માટે પ્રતિબદ્ધ છીએ. પીએમ મોદીએ સંઘર્ષને બદલે સ્વસ્થ પ્રતિસ્પર્ધાની આવશ્યકતા પર ભાર મૂક્યો. 21મી સદી એશિયાની સદી છે. ભારત અને ચીનને સ્વભાવિક રૂપે પ્રતિસ્પર્ધા કરવી જોઈએ, ટકરાવ નહીં.

## મહાત્મા ગાંધીની પ્રેરણા પર

પીએમ મોદીએ કહ્યું કે બાપુ માત્ર 20મી સદીમાં જ નહીં દરેક સદીના મહાન નેતા છે. જ્યાં સુધી મોદીનો સવાલ છે મારી પાસે એક દાયિત્વ છે પરંતુ દાયિત્વ એટલું મોટું નથી કે જેટલો મોટો દેશ છે. મારી તાકાત મોદી નહીં, 140 કરોડ દેશવાસી છે. હું જ્યાં પણ જાઉં છું ત્યાં મોદી નથી જતા, ત્યાં 140 કરોડ લોકોનો વિશ્વાસ જાય છે. એટલે હું વિશ્વના કોઈ નેતા સાથે હાથ મિલાવું છું તો મોદી હાથ નથી મિલાવતા, એ 140 કરોડ લોકોનો હાથ હોય છે. આ સામર્થ્ય મોદીનું નહીં ભારતનું છે.

## આતંકમાં રહેવાથી થાકી ગયા હશે પાકિસ્તાનના લોકો

પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે વિભાજન બાદ પાકિસ્તાનથી ટ્રેનો ભરી-ભરીને લોહીલુહાણ લોકો અને લાશો આવવા લાગી, ખૂબ જ ડરામણું દ્રશ્ય હતું. પોતાનું મળ્યા બાદ તેમને લાગવું જોઈતું હતું કે ચાલો ભાઈ આપણને આપણું મળી ગયું, ભારતના લોકોએ આપી દીધું છે, ભારતનો આભાર માનીએ, આપણે સુખેથી જીવીએ. તેને બદલે તેઓએ સતત ભારત સાથે સંઘર્ષનો માર્ગ અપનાવ્યો. એક પ્રોક્સી વૉર ચાલી રહ્યું છે. હવે જૂઓ 9/11 એટલી મોટી ઘટના અમેરિકામાં બની, તેનો મુખ્ય સૂત્રધાર હતો ઓસામા બિન લાદેન, એ અંતે ક્યાંથી મળ્યો? પાકિસ્તાનમાં જ શરણ લઈને બેઠો હતો. તો વિશ્વ ઓળખી રહ્યું છે કે એક પ્રકારે આંતકવાદી પ્રવૃત્તિ, આંતકવાદી માનસિકતા અને એ માત્ર ભારત જ નહીં, વિશ્વભર માટે પરેશાનીનું કેન્દ્ર બની ચૂક્યું છે. 2014માં હું જ્યારે પહેલી વખત પ્રધાનમંત્રીપદના શપથ લેવાનો હતો તો પાકિસ્તાનના પ્રધાનમંત્રી નવાઝ શરીફને વિશેષ રૂપે આમંત્રિત કર્યા હતા. આશા હતી કે બંને દેશ એક નવો અધ્યાય શરૂ કરશે. જોકે, શાંતિનો દરેક પ્રયાસનો સામનો દુશ્મની અને વિશ્વાસઘાતથી થયો. પાકિસ્તાનના લોકો શાંતિ ઈચ્છે છે. તેઓ પણ સંઘર્ષ, અશાંતિ અને નિરંતર આતંકમાં રહેવાથી થાકી ગયા છે.

## સંઘ પાસેથી મળેલી શીખ પર

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘમાં વીતાવેલા જીવનના આધાર પર મળેલી શીખ પર વાત કરતા પીએમ મોદીએ કહ્યું કે અહીં અમને જે મુલ્યો શીખવવામાં આવ્યા તેમાંથી એક એ હતું કે આપ જે કંઈ પણ કરો એને ઉદ્દેશ્યપૂર્ણ રીતે કરો. આપ અભ્યાસ કરો છો તો રાષ્ટ્ર માટે યોગદાન આપવા માટે શીખવાના લક્ષ્ય સાથે અભ્યાસ કરો. આપ વ્યાયામ કરો છો તો રાષ્ટ્રની સેવા કરવા માટે પોતાના શરીરને મજબૂત બનાવવાના ઉદ્દેશ્યથી કરો. આ જ અમને શીખવવામાં આવ્યું હતું. ■

## રાષ્ટ્રપતિ ટ્રમ્પ સાહસિક વ્યક્તિ, તેઓ પોતે લે છે પોતાના નિર્ણયો

હ્યુસ્ટનમાં હાઉડી મોદી કાર્યક્રમને યાદ કરતા પીએમ મોદીએ કહ્યું કે સ્ટેડિયમ આખું ભરેલું હતું. અમેરિકામાં આટલી મોટી ભીડ ભેગી થવી જ એક મોટી તક હતી. હું ભાષણ આપી રહ્યો હતો. ટ્રમ્પ નીચે બેસીને સાંભળી રહ્યા હતા. હું પછીથી તેમની પાસે ગયો અને એમ જ કહ્યું કે કેમ ન આપણે બંને એક સાથે સ્ટેડિયમનું એક ચક્કર લગાવીએ અને તેઓનો આભાર માનીએ. અમેરિકી જીવનમાં આ વાત આપના માટે અસંભવ સમાન છે કે રાષ્ટ્રપતિ હજારોની ભીડમાં ચાલે, પરંતુ ટ્રમ્પ એક પણ પળની રાહ જોયા વિના મારી સાથે ચાલી પડ્યા. ટ્રમ્પની પાસે સાહસ છે અને તેઓ તેમના નિર્ણય પોતે જ લે છે.

**“ હું ક્યારેય એકલતા અનુભવતો નથી. કેમકે હું હંમેશા 1+1ની થિયરીને માનું છું. કોઈ પુછશે કે આ 1+1 શું છે. એમાં પહેલો વન મોદી છે અને બીજો વન ઈશ્વર છે. હું એકલો ક્યારેય નથી હોતો, તે હંમેશા મારી સાથે રહે છે. હું હંમેશા એ ભાવ સાથે જ કામ કરૂં છું. નર સેવા જ નારાયણ સેવા છે.**

**- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**




ઉડાન
વિમાન ક્ષેત્રમાં
નવી ક્રાંતિ




***કોઈ પણ દેશનું ઉડ્ડયન ક્ષેત્ર તેની આર્થિક પ્રગતિનો આધાર હોય છે; પરિવહન ઉપરાંત તે પ્રવાસન અને ઉદ્યોગ જેવા મહત્વપૂર્ણ ક્ષેત્રોની પ્રગતિમાં પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આ મહત્વપૂર્ણ તથ્યોની અવગણના કરવામાં આવી હતી અને એક સમય હતો જ્યારે ભારતમાં વિમાન યાત્રાને ફક્ત વૈભવિતાનું પ્રતીક માનવામાં આવતી હતી. સામાન્ય માણસની પહોંચની બહાર, વિમાન ફક્ત તેમના સપનાઓ સુધી મર્યાદિત હતું. આ અંતરને દૂર કરવાની પ્રક્રિયા 2016માં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દેશની પ્રથમ રાષ્ટ્રીય નાગરિક ઉડ્ડયન નીતિ સાથે શરૂ કરી હતી અને સામાન્ય માનવીના વિમાનમાં મુસાફરી કરવાના સ્વપ્નને પૂર્ણ કરવા માટે 2017ની 27મી એપ્રિલે  શીમલાથી દિલ્હી માટે પ્રથમ વિમાને ઉડાન ભરી હતી. આ યોજનાનું પરિણામ એ છે કે ભારત વિશ્વનું ત્રીજું સૌથી મોટું ઉડ્ડયન બજાર છે. ચાલો જાણીએ ઐતિહાસિક સફળતાના આઠ વર્ષ પૂરા કરી રહેલી ઉડાન યોજનાના પ્રથમ ટેક ઓફ બાદ કેવી રીતે ભારતના ઉડ્ડયન ક્ષેત્રમાં શરૂ થઈ એક નવી ક્રાંતિ...***

આ ક્વોટ જુલાઈ 2021નો છે. બિહારના દરભંગા એરપોર્ટથી એક યાત્રી મુકુંદ જહાએ ટ્વિટ કર્યું, પ્રથમ વખત હું મારા પિતા સાથે વિમાનમાં બેસવા જઈ રહ્યો છું. દરભંગાને એરપોર્ટ આપવા માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીજીનો આભાર. 2014માં અમને એરપોર્ટ આપવાનું વચન આપ્યું હતું. તેમણે પોતાનું વચન પાળ્યું અને એક એરપોર્ટ બનાવ્યું. કેન્દ્ર સરકાર અંતર્ગત વિમાન ઉદ્યોગે બ્રાન્ડ સાથે વિકાસ કર્યો છે. પ્રધાનમંત્રી મોદીએ જવાબમાં ટ્વિટ કર્યું હતું કે, ₹જાણીને ખુશી થઈ! જ્યાં સુધી નાગરિક ઉડ્યન ક્ષેત્રનો સંબંધ છે, અમે કનેક્ટિવિટી અને સગવડને વધારવાની દિશામાં કામ કરી રહ્યા છીએ. જ્યાં સુધી દરભંગા એરપોર્ટની વાત છે, આ બિહારની પ્રગતિમાં મહત્વનું યોગદાન આપી રહ્યું છે.₹ આવી લાખો વાર્તાઓ છે જે ઉડ્યન ક્ષેત્રમાં નવી ક્રાંતિની વાતો કહી રહી છે.

ભારતમાં ટેક્સીમાં મુસાફરી કરતી વખતે પ્રતિ કિલોમીટર સરેરાશ 12 થી 15 રૂપિયા ચૂકવવા પડે છે. તેવામાં આપણે કહીએ કે તમને તેનાથી પણ ઓછી કિંમતે વિમાન યાત્રા કરવા મળશે તો તમે કહેશો... શું? આશ્ચર્ય થવાની જરૂર નથી, હવાઈ ચપ્પલ પહેરનારા દેશના મધ્યમ વર્ગના હવાઈ યાત્રાના આ સપનાને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઉડાન યોજના દ્વારા સાકાર કરવાનું કામ કર્યું છે.

સામાન્ય માણસના હિતમાં પ્રધાનમંત્રી મોદીની પ્રતિબદ્ધતાને એક ઉદાહરણથી સમજી શકાય છે- ત્યારે કેન્દ્રમાં અટલ બિહારી વાજપેયીની સરકાર હતી, રાજીવ પ્રતાપ રૂડી ઉડ્યન મંત્રી હતા. આજના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી તે સમયે ફક્ત એક રાજનેતા હતા.




એક વખત ઉડ્ડયન મંત્રી રૂડી સાથે મુલાકાત દરમિયાન તેમણે પૂછ્યું- ભાઈ એર ઈન્ડિયાનું પ્રતીક ચિન્હ 'મહારાજા' બદલી નથી શકતા? તત્કાલીન મંત્રીએ પૂછ્યું- કેમ? તેમણે કહ્યું- આ ફક્ત એક જ વર્ગનું પ્રતિનિધિત્વ કરે છે. શું હવાઈ જહાજ અને હવાઈ યાત્રા એક જ વર્ગના લોકો માટે છે? મંત્રીએ પૂછ્યું- શું કરવું જોઈએ? પ્રધાનમંત્રી મોદી (ત્યારે રાજનેતા) એ કહ્યું- કાર્ટુનિસ્ટ આર. કે. લક્ષ્મણના કોમન મેનને એર ઈન્ડિયાના પ્રતીક ચિન્હમાં લગાવી દો. ત્યારબાદ અટલજીની સરકારમાં એર ઈન્ડિયાના પ્રતીક ચિન્હમાં સામાન્ય વ્યક્તિને જોડવામાં આવ્યો.

સામાન્ય નાગરિક ખાસ કરીને મધ્યમ વર્ગના હવાઈ મુસાફરીના સપનાને પૂર્ણ કરવા માટે આઝાદીના 70 વર્ષ બાદ 2016માં કેન્દ્ર સરકારે પ્રથમ વખત દેશની રાષ્ટ્રીય નાગરિક ઉડ્ડયન નીતિની જાહેરાત કરી. તેમાં ઉડાન યોજનાને સૌથી મહત્વના ઘટક તરીકે સામેલ કરવામાં આવ્યું. આ યોજનાનું મહત્વ અને મધ્યમ વર્ગ પ્રત્યે પ્રધાનમંત્રી

- **સરકાર દેશમાં એર કાર્ગો ઈન્ફ્રાસ્ટ્રક્ચર અપગ્રેડ કરવા પર ફોકસ કરી રહી છે. એર કાર્ગો સેક્ટર દેશમાં વાર્ષિક 10 ટકાથી વધુના દરે વધી રહ્યું છે.**
- **વર્ષ 2023-24માં 3.37 મિલિયન મેટ્રિક ટન કાર્ગો હેન્ડલ કરવામાં આવ્યો હતો. એટલું જ નહીં 2024માં એરપોર્ટ કાર્ગો હેન્ડલિંગ ક્ષમતા 8 મિલિયન મેટ્રિક ટન સુધી પહોંચી ગઈ છે.**





## એરપોર્ટની સંખ્યા

**159**
2025

**74**
2014

**લક્ષ્યઃ આગામી પાંચ વર્ષમાં વધુ 50 એરપોર્ટ બનાવવામાં આવશે, 2047 સુધી એરપોર્ટનું નેટવર્ક ભારતમાં 400 સુધી વધારવામાં આવશે.**



મોદીની પ્રતિબદ્ધતાનો ખ્યાલ તેના નામથી જ ચાલી જાય છે. ઉડાન... 'ઉડે દેશ કા આમ નાગરિક'નું ટૂંકુ નામ છે. રાષ્ટ્રીય નાગર ઉડ્ડયન નીતિની જાહેરાત પહેલા થયેલી મહત્વની બેઠકમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું હતું, 'આપણા દેશમાં ગરીબ વ્યક્તિની એક ઓળખ છે કે તે હવાઈ ચપ્પલ પહેરે છે. હું ઈચ્છું છું કે હવાઈ જહાજમાં હવાઈ ચપ્પલ પહેરનારા લોકો જોવા મળે.' ભારતમાં માળખાકિય સુવિધા અને કનેક્ટિવિટીને વધારે સારી બનાવવા માટે સરકાર સમર્થિત આ પહેલ ભારતની રાષ્ટ્રીય નાગર ઉડ્ડયન નીતિ (એનસીએપી) 2016નું એક મહત્વનું ઘટક છે, જેનો કેન્દ્રીય નાગર ઉડ્ડયન મંત્રાલયે 2016ની 21મી ઓક્ટોબરે 10 વર્ષના વિઝન સાથે શુભારંભ કરાવ્યો હતો અને પ્રધાનમંત્રી મોદીએ 2017ની 27મી એપ્રિલે શિમલાને દિલ્હી સાથે જોડતી પ્રથમ આરસીએસ-ઉડાનનું ઉદ્ઘાટન કર્યું હતું. આ યોજના દેશના ઓછા સેવા વાળા ક્ષેત્રોમાં ઓછી સેવા વાળા હવાઈ માર્ગોને


## કોવિડ સમયે સહારો બની હતી ઉડાન

***કોવિડ દરમિયાન 588 ઉડાનોનું સંચાલન, 1,000 ટન ચિકિત્સા સામગ્રીને એક સ્થાનથી બીજા સ્થાન સુધી મોકલવામાં આવી.***



# રાષ્ટ્રીય નાગરિક ઉડ્ડયન નીતિથી સારી બની રહી છે હવાઈ ઈકોસિસ્ટમ

- રાષ્ટ્રીય નાગરિક ઉડ્ડયન નીતિ (એનસીએપી-2016)ને એક પારિસ્થિતિકી તંત્ર બનાવવા, સામાન્ય જનતા માટે હવાઈ યાત્રાને પરવડે તેવી બનાવવા, યાત્રી યાતાયાતમાં વૃદ્ધિ કરવા તથા સુરક્ષિત, વ્યાજબી અને સસ્તા હવાઈ યાત્રા પ્રદાન કરવા માટે શરૂ કરવામાં આવી હતી.
- એનસીએપી-16, અન્ય બાબતો સાથે-સાથે નાણાકીય સહાયતા અને માળખાકીય સુવિધાઓના વિકાસના માધ્યમથી ક્ષેત્રીય સંપર્કને વધારવાની પ્રયાસ કરે છે. એનસીએપી-2016ના કાર્યાન્વયન ચરણ દરમિયાન, ભારતના ઉડ્ડયન ક્ષેત્રમાં નોંધપાત્ર વૃદ્ધિ થઈ છે.




વધારે સારા બનાવવા અને સામાન્ય નાગરિકોની આકાંક્ષાઓને પૂરી કરવા પર કેન્દ્રીત છે. લોક પ્રશાસનના ક્ષેત્રમાં શ્રેષ્ઠ યોગદાન માટે 2020માં ઉડાન યોજનાને પ્રધાનમંત્રી એવોર્ડ પણ મળી ચૂક્યો છે.

### સમાવેશી બન્યું ઉડ્ડયન ક્ષેત્ર

ભારતની ઝડપથી વધી રહેલી અર્થવ્યવસ્થામાં ઉડ્ડયન ક્ષેત્ર પણ સામેલ છે. આજે ભારત દુનિયાના ટોપ સિવિલ એવિયેશન ઈકોસિસ્ટમમાં એક મજબૂત સ્તંભ બન્યું છે. ભારતના ઉડ્ડયન ક્ષેત્રમાં પરિવર્તનની આ કહાની છેલ્લા એક દાયકાના તેના કાયાકલ્પનું પરિણામ છે, જેના અંતર્ગત કેટલાક ખાસ વર્ગ કે મોટા શહેરો સુધી મર્યાદિત હવાઈ યાત્રામાં સમાવેશિતાની સાથે નબળા અને મધ્યમ વર્ગને જોડવાની શરૂઆત થઈ. આજે ભારતમાં પરિસ્થિતિ સંપૂર્ણ પણે બદલાઈ ગઈ છે. આજે ટિયર-2 અને ટિયર-3 શહેરોમાં પણ ત્યાંના નાગરિક ઉડાન ભરી રહ્યા છે. તેના માટે અનેક પગલાં ભરવામાં આવ્યા, નીતિગત પરિવર્તન કરવામાં આવ્યું અને વ્યવસ્થા વિકસિત કરવામાં આવી.


ઉડાન યોજનાએ હવાઈ યાત્રાને ભારતના નાના શહેરો અને નિમ્ન મધ્યમ વર્ગ સુધી પહોંચાડી દીધી છે. આ યોજના અંતર્ગત અત્યાર સુધી લગભગ દોઢ કરોડ યાત્રીઓ મુસાફરી કરી ચૂક્યા છે. તેમાંથી લાખો




**લોક વહીવટમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનારા મંત્રાલયો અને વિભાગોને પ્રધાનમંત્રી દ્વારા પ્રોત્સાહિત કરવામાં આવે છે. આ ક્રમમાં વર્ષ 2020નો પ્રધાનમંત્રી એવોર્ડ 'ઉડાન- ઉડે દેશ કા આમ નાગરિક'ની ટીમને આપવામાં આવ્યો.**

> **"ઉડાન યોજના એક એવી પહેલ છે જેણે ભારતના ઉડ્ડયન ક્ષેત્રમાં જડમૂળથી પરિવર્તન લાવી દીધું છે. એરપોર્ટની સંખ્યામાં વધારાથી લઈને વધારે હવાઈ માર્ગો સુધી, આ યોજનાએ કરોડો લોકો માટે હવાઈ યાત્રાની સુવિધા સુનિશ્ચિત કરી છે."**
>
> **- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

લોકો એવા છે, જેમણે પ્રથમ વખત અંદરથી હવાઈ જહાજ જોયું છે. ઉડાન યોજનાથી જે માંગ ઊભી થઈ છે, તેનાથી અનેક નાના શહેરોમાં નવા એરપોર્ટ બન્યા છે, સેંકડો નવા રૂટ્સ બન્યા છે. છેલ્લા 10 વર્ષમાં ભારતમાં એરપોર્ટની સંખ્યા બમણી થઈ ગઈ છે. એક તરફ નાના શહેરોમાં એરપોર્ટ બની રહ્યા છે, બીજી તરફ મોટા શહેરોના એરપોર્ટને વધારે આધુનિક બનાવવાની દિશામાં ઝડપથી કામ થઈ રહ્યું છે. ભારતના એરોસ્પેસ સેક્ટરમાં વધુ એક મોટી સિદ્ધિ નોંધાઈ



# ઉડાન યોજનાની અસારણ સિદ્ધિ

### ઉડાન 1.0: 2017

પાંચ એરલાઈન કંપનીઓને 70 એરપોર્ટ (નવા કાર્યરત 36 એરપોર્ટ સહિત) માટે 128 ફ્લાઈટ રૂટ ફાળવવામાં આવ્યા.

### ઉડાન 2.0: 2018

73 ઓછી સુવિધા ધરાવતા એરપોર્ટની જાહેરાત કરવામાં આવી. પહેલી વાર હેલિપેડ પણ ઉમેરવામાં આવ્યું.

### ઉડાન 3.0: 2019


પ્રવાસન મંત્રાલય સાથે સંકલન કરીને પ્રવાસન માર્ગોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. જળ એરપોર્ટને જોડવા માટે સીપ્લેન ઉપરાંત, ઉત્તર-પૂર્વીય ક્ષેત્રના ઘણા રૂટ આ યોજનાના કાર્યક્ષેત્ર હેઠળ આવ્યા.

### ફ્લાઈટ 4.0: 2020

પૂર્વોત્તર ક્ષેત્રો, પહાડી રાજ્યો અને દ્વીપોને પ્રોત્સાહન આપવામાં આવ્યું. હેલિકોપ્ટર અને સીપ્લેનના સંચાલનને સામેલ કરવામા આવ્યું.

### ઉડાન 5.0: 2023-24

કેટેગરી-2 (20-80 સીટ) અને કેટેગરી-3 (80થી વધુ સીટ) વિમાનો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. 600 કિમીની મર્યાદા દૂર કરવામાં આવી. ટૂંક સમયમાં તૈયાર થનારા એરપોર્ટને જોડતા રૂટને પ્રાથમિકતા આપવામાં આવી. હવે એરલાઈન્સે રૂટ મળ્યાના 4 મહિનાની અંદર કામગીરી શરૂ કરવી પડશે.



### ફ્લાઈટ 5.1

આ ખાસ કરીને હેલિકોપ્ટર ઓપરેટર માટે પરિચાલન વિસ્તાર તથા વીજીએફ વધારવાની સાથે જ હવાઈ ભાડાની મર્યાદાને ઓછી કરવા માટે ખાસ કરીને હેલીકોપ્ટર માર્ગો માટે ડિઝાઈન કરવામાં આવ્યુ છે. ઉડાનને વધુ સસ્તું બનાવવા માટે હવાઈ ભાડાની મર્યાદા ઘટાડવામાં આવી છે.

### ઉડાન 5.2

દેશના દૂરના વિસ્તારો સાથે કનેક્ટિવિટીને વધારે સારી બનાવવા, નાના વિમાનો (<20 બેઠકો) દ્વારા પ્રવાસન ક્ષેત્રને વેગ આપવા માટે ઉડાન 5.2માં રૂટ ઓક્શન શરૂ કરવામાં આવ્યું હતું. આ યોજના નાના વિમાન સંચાલકોને વધુ કાર્યકારી સુગમતા પ્રદાન કરશે.

### ઉડાન 5.3-5.4


નાગરિક ઉડ્ડયન મંત્રાલયે વિવિધ કારણોસર કાર્યકાળ પૂર્ણ થાય તે પહેલાં બંધ કરાયેલા અથવા રદ કરાયેલા/સમાપ્ત કરાયેલા રૂટને પુનર્જીવિત કરવા માટે એક ખાસ બિડિંગ રાઉન્ડ શરૂ કર્યો.

છે. દિલ્હી, મુંબઈ, હૈદરાબાદ અને બેંગલુરૂ જેવા મુખ્ય એરપોર્ટ હવે કાર્બન ન્યૂટ્રલ થઈ ગયા છે. કુલ 80 એરપોર્ટ સો ટકા ગ્રીન એનર્જી પર સંચાલિત

**સમયની સાથે સાથે પૈસાની પણ બચત...**

ઉડાન યોજનામાં લગભગ 500 કિલોમીટર માટે એક 'ફિક્સ્ડ વિંગ એરક્રાફ્ટ' વિમાનથી એક કલાકની યાત્રા કે પછી કોઈ હેલીકોપ્ટરથી અડધા કલાકની યાત્રાનું હવાઈ ભાડુ 2500 રૂપિયા નક્કી કરવામાં આવ્યું છે, જે ટેક્સીની મુસાફરીના ખર્ચ કરતાં પણ ઓછો છે. એટલે કે ઉડાન યોજના દ્વારા લોકોના સમયની સાથે સાથે પૈસાની પણ બચત થાય છે. ઓછા ભાડાના કારણે વિમાન સેવા કંપનીઓને થનારા નુકસાનની ભરપાઈ માટે વોયેબિલિટી ગેપ ફન્ડિંગ (વીજીએફ)ના રૂપમાં સરકાર મદદ કરે છે. ભારતીય વિમાનપત્તન પ્રાધિકરણે પણ તેના માટે એરપોર્ટ ભાડુ માફ કરી દીધું છે. આ ઉપરાંત સુરક્ષા, વીજળી તથા અગ્નિશમન સુવિધાઓ પણ રાજ્ય સરકાર વિનામૂલ્યે આપી રહી છે.

ઉડાન યોજનાએ કેવી રીતે સામાન્ય લોકોના સપનાને પૂરા કર્યા છે, તેને આ યોજના અંતર્ગત મુસાફરી કરનારા લોકોના શબ્દો દ્વારા જ સમજી શકાય છે. ઉડાન દ્વારા વિજયવાડાથી કડપ્પાનું અંતર એક કલાકમાં પૂરું કરનારા આંધ્ર પ્રદેશના નાગેન્દ્ર ભારતીનું કહેવું છે કે... પહેલા રોડ દ્વારા તેમાં 8 થી 11 કલાકનો સમય લાગતો હતો, આ શ્રેષ્ઠ યોજના માટે કેન્દ્ર સરકારનો આભાર. વિદ્યાનગરના સૈયદ ઈલિયાસ અહમદ પણ ઉડાન યોજના અંતર્ગત હવાઈ સફર કરી ચૂક્યા છે. સૈયદ કહે છે કે બસથી જ્યાં છ કલાક થતા હતા ત્યાં હવે હું એક કલાકમાં પહોંચી જાઉ છું, તેનાથી વધારે સારું શું જોઈએ. નાનકડા શહેરથી દિલ્હી સુધીની સફર કરનારા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના વિચારનું પરિણામ છે



> છેલ્લા 10 વર્ષ, ભારતના ઉડ્ડયન ક્ષેત્ર માટે પરિવર્તનકારી રહ્યા છે. વર્તમાન એરપોર્ટનું આધુનિકરણ કરવામાં આવ્યું છે, નવા એરપોર્ટનું ઝડપથી નિર્માણ કરવામાં આવ્યું છે. રેકોર્ડ સંખ્યામાં લોકો હવાઈ મુસાફરી કરી રહ્યા છે. આઝાદી બાદથી 2014 સુધી, એક વર્ષમાં સરેરાશ એક એરપોર્ટ બન્યું હતું, એ તેમની ગતિ હતી. તેમનો વિચાર હતો. અમે 9 ગણી ગતિથી કામ કરી રહ્યા છીએ.''
>
> **- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

કે મધ્યમ વર્ગ પણ હવે વિમાનમાં બેસવાનું સપનું પૂરૂ કરી રહ્યો છે.

ઉડાન ફક્ત એક યોજના નથી, આ એક આંદોલન છે જેનો ઉદ્દેશ્ય પ્રત્યેક ભારતીય માટે હવાઈ મુસાફરીને સુગમ બનાવવાનો છે. ઉડાન યોજનાએ ભારતની કનેક્ટિવિટીમાં ક્રાંતિ લાવી દીધી છે. ઉડાને દેશના અંતરિયાળ વિસ્તારોને જોડ્યા છે. ઉડાનની યાત્રાએ ભારતની કનેક્ટિવિટીને નવી ઊંચાઈ આપી છે. પીએમ મોદીના નેતૃત્વમાં સરકારે આ યોજનામાં 2026 સુધી 1,000 રૂટ અને 220 એરપોર્ટનો લક્ષ્યાંક નક્કી કર્યો છે. આ વર્ષના સામાન્ય બજેટમાં ઉડાન યોજનાને 120 નવા ગંતવ્ય સુધી પહોંચાડવાનો અને આગામી 10 વર્ષમાં વધુ ચાર કરોડ યાત્રીઓને જોડવા માટે સંશોધિત ઉડાન યોજનાની જાહેરાત કરવામાં આવી છે.

### મધ્યમ વર્ગની આકાંક્ષાઓને ઉડાન

ઉડાન યોજનાનો ઉદ્દેશ્ય ટિયર-2 અને ટિયર-3 અંતર્ગત આવનારા નાના શહેરોને મોટા શહેરો સુધી હવાઈ સેવા સાથે જોડવાનો છે. હવાઈ માર્ગ માટે ઉડ્યન કંપનીઓ બોલી લગાવે છે. જે સૌથી ઓછી સબસિડી માંગે છે, તેને કોન્ટ્રાક્ટ આપવામાં આવે છે. ઉડ્યન કંપનીને પોતાની પ્રત્યેક ફ્લાઈટમાં અડધી અથવા તો ઓછામાં ઓછી નવ અથવા તો વધારેમાં વધારે 40 સીટો આ ભાડમાં બુક કરવાની હોય છે.

ઉડાન યોજના અંતર્ગત છેલ્લા 8 વર્ષોમાં લગભગ 70થી વધારે નવા સ્થાનોને એરપોર્ટ, હેલીપોર્ટ અને વોટર એરોડ્રામ સાથે તેના માધ્યમથી જોડવામાં આવ્યા છે. 600થી વધારે નવા રૂટ પર આજે સામાન્યમાં સામાન્ય નાગરિકને હવાઈ મુસાફરીની સુવિધા મળી રહી છે.

### ઉડાન, આંકડા દ્વારા સફળતાની વાત

શું તમે છેલ્લા કેટલાક વર્ષોમાં ભારતના એવિયેશન સેક્ટરની રેકોર્ડ સિદ્ધિઓ પાછળનું રહસ્ય જાણો છો? તેની પાછળનું રહસ્ય છે- ઉડાન યોજના. ઉડાન યોજનાને આઠ વર્ષ થઈ ગયા છે. ભારત હવે દુનિયાનુ ત્રીજુ સૌથી મોટું ઘરેલુ ઉડ્યન બજાર છે. એરપોર્ટ પર યાત્રીઓની સંખ્યા 17 કરોડથી વધીને 38 કરોડ થઈ ગઈ છે. ઉડાને ભારતના

# અંતર ઘટ્યું, વ્યાપાર-પર્યટનને પ્રોત્સાહન મળ્યું

## દરભંગા અને કિશનગઢમાં કનેક્ટિવિટીની સાથે મળી વેપારમાં વૃદ્ધિની તક

રાજસ્થાનનું કિશનગઢ માર્બલના ઉદ્યોગ માટે જાણીતું છે. અમદાવાદ, ઈંદોર, દિલ્હી અને હૈદરાબાદ માટે ઉડાન શરૂ થવાથી અહીંના માર્બલ ઉદ્યોગમાં ત્રણ ગણો વધારો થયો છે.



બિહારનું દરભંગા હવે દિલ્હી, મુંબઈ, હૈદરાબાદ અને કોલકાતાથી સીધું જોડાઈ ગયું છે. આ એરપોર્ટથી ઉત્તર બિહારના 17 જિલ્લાની ક્ષેત્રીય કેનેક્ટિવિટીમાં વધારો થયો છે. નાણાકીય વર્ષ 2023-24માં 5 લાખથી વધારે યાત્રીઓએ યાત્રા કરી.




## પૂર્વોત્તરમાં ખુલ્યા સંભાવનાઓના નવા દ્વાર

ઉડાન યોજના અંતર્ગત પૂર્વોત્તર ભારતમાં હવાઈ કનેક્ટિવિટીને પ્રોત્સાહન મળ્યું છે. પૂર્વોત્તરમાં 36 એરપોર્ટ, હેલીપોર્ટ અને વોટર એરોડ્રામ, 68 આરસીએસ રૂટ ચાલું કરવામાં આવ્યા ડિસેમ્બર, 2023 સુધી.

અરૂણાચલ પ્રદેશના તેજૂમાં ઉડાન શરૂ થયા બાદ નેપાળ અને આસપાસના દેશોના હિન્દુ તીર્થયાત્રીઓ માટે આ મુખ્ય ક્ષેત્ર બની ગયું છે. તેનાથી પર્યટન ક્ષેત્રને નવી તકો મળી છે.

*પાસીઘાટ, જીરો, હોલોંગી એરપોર્ટની શરૂઆતથી સમગ્ર પૂર્વોત્તર ક્ષેત્રના પર્યટન ઉદ્યોગમાં ઘણો ઉછાળો આવ્યો છે, જેનાથી વધારે પહોંચને વેગ મળ્યો છે.*

*મેઘાલય જે વરસાદ, ગુફાઓ, વોટરફોલ અને સમૃદ્ધ સંસ્કૃતિ માટે પ્રસિદ્ધ છે. મેઘાલયની રાજધાની શિલોંગથી મણિપુરની રાજધાની ઈમ્ફાલ વચ્ચે સીધી ઉડાન શરૂ થયા બાદ બંને શહેરોમાં પર્યટનથી લઈને વેપાર સુધીની ગતિવિધિઓને વેગ મળ્યો છે.*

## આધ્યાત્મિક યાત્રા પર ખાસ ધ્યાન



- ઉડાન યોજના અંતર્ગત અયોધ્યા, દેવધર અને ખજુરાહો જેવા રૂટની શરૂઆત થઈ ગઈ. આ ચારેય શહેરો પર તેની સકારાત્મક અસર જોવા મળી.
- અયોધ્યા હવે નવ શહેરોથી જોડાયું છે, 2024ના ફક્ત છ મહિનામાં 11 કરોડથી વધુ યાત્રાળુ પહોંચ્યા.
- યુનેસ્કોની ધરોહર ખજુરાહોના મંદિરો સુધી આસાન પહોંચથી પર્યટકોની સંખ્યા વધી.
- દેવધરના બૈજનાથ મંદિરમાં દર્શન માટે આવનારા શ્રદ્ધાળુઓને આસાની થઈ તો સ્થાનિક વેપારને પણ વેગ મળ્યો.

ઉડ્ડયન ક્ષેત્રમાં નવા દ્વાર ખોલી દીધા છે. વર્ષ 2013-14 થી 2023 સુધી, કમર્શિયલ પાયલટ લાઈસન્સ બમણાથી વધારે થઈ ગયા છે. ડીજીસીએ દ્વારા જારી કમર્શિયલ પાયલટ લાઈસન્સ 2013-14માં 783 હતા જે 2023માં વધીને 1,622 થઈ ગયા છે. આ ભારતના ઉડ્ડયન ઉદ્યોગના ઉજ્જવળ ભવિષ્યનો સંકેત છે.

ઉડાને ભારતના ઉડ્ડયન ક્ષેત્રમાં ક્રાંતિ લાવી દીધી છે. લગભગ 78 ટકા ઘરેલુ ઉડાન હવે ઓછા ખર્ચ વાળી એરલાઈન્સ દ્વારા સંચાલિત છે. ભારત અગ્રણી વૈશ્વિક અર્થવ્યવસ્થાઓમાં સૌથી વધુ સસ્તુ ઉડ્ડયન બજાર છે. ઉડાન યોજનાએ ઉડ્ડયન ક્ષેત્રમાં રોજગારની પણ નવી તકો ખોલી છે. પ્રત્યેક 100 રૂપિયાના રોકાણ પર અર્થવ્યવસ્થાને 325 રૂપિયાનો ફાયદો થઈ રહ્યો છે અને હવાઈ પરિવહનમાં 100 નોકરીઓ ઊભી કરવાથી કુલ 610 નવી નોકરીઓ પેદા થાય છે. ઉડાને ભારતની ઉડ્ડયન સુરક્ષાને મજબૂત કરી છે અને દેશની વૈશ્વિક ઉડ્ડયન સુરક્ષા

# એક દાયકામાં ઉડ્ડયન ક્ષેત્ર સફળતાની વાત કહે છે આંકડા

**પ્રત્યેક 44** દિવસમાં એક નવું એરપોર્ટ બને છે ભારતમાં, 2014થી અત્યાર સુધી 83 એરપોર્ટ બનાવવામાં આવ્યા છે.

**પ્રત્યેક 11** દિવસમાં એક નવા હવાઈ રૂટ પર હવાઈ સફરની શરૂઆત, 2014 બાદથી 337 નવા હવાઈ રૂટ શરૂ કરવામાં આવ્યા

ભારતીય એરપોર્ટ પ્રત્યેક મિનિટે 722 યાત્રીઓની અવરજવરની સુવિધા આપે છે, 2014 પછીથી 21 કરોડ એર ટ્રાફિક વધ્યો છે.




78% ઘરેલુ ઉડાન ઓછા ખર્ચાવાળી એરલાઈન્સ દ્વારા સંચાલિત, આ અગ્રણી વૈશ્વિક અર્થવ્યવસ્થાઓમાં સૌથી વધારે. વિશ્વનું સૌથી સસ્તુ ઉડ્ડયન બજાર- ખર્ચમાં ઘટાડો, આવકમાં વધારો.



ભારતીય વાયુયાન અધિનિયમ, 2024 લાગુ કરવામાં આવ્યો છે. ઉદ્દેશ્ય વિમાન અધિનિયમ, 1934ને સમકાલીન જરૂરિયાતો અને વૈશ્વિક માપદંડો અનુરૂપ ફરીથી લાગુ કરી ભારતના ઉડ્ડયન ક્ષેત્રનું આધુનિકરણ કરવાનો છે.

- 1,700થી વધુ વિમાનનો ઓર્ડર છેલ્લા ત્રણ વર્ષમાં ભારતીય એરલાઈન્સે આપ્યો છે. આ વિશ્વના કોઈ પણ દેશની તુલનામાં સૌથી વધારે છે.
- 5.9 ટકાની વૃદ્ધિ ઘરેલુ હવાઈ યાત્રી ટ્રાફિકમાં 2024માં થઈ છે.
- 5 લાખ ઘરેલુ હવાઈ યાત્રીએ પ્રથમ વખત 17 નવેમ્બર 2024ના રોજ એક દિવસમાં યાત્રા કરી, જે રેકોર્ડ છે.
- જાન્યુઆરીથી ડિસેમ્બર, 2024 વચ્ચે વિમાન ઓપરેટર્સની સંખ્યા વધીને 834 થઈ.
- 10,200થી વધારે કમર્શિયલ ડ્રોન દેશમાં રજિસ્ટર થયા છે. કુલ 96 પ્રકારના ડ્રોનને ટાઈપ પ્રમાણ આપવામાં આવ્યું છે જેમાંથી 65 મોડલ ખેતી આધારિત અને 31 મોડલ લોજિસ્ટિક અને દેખરેખ સંબંધિત છે.





# કૃષિ ઉડાન યોજના આપી રહ્યું છે ખેડૂતોને મોટું બજાર

ગુવાહાટીથી 'કિંગ ચિલીઝ, બર્મી દ્રાક્ષ અને આસામીયા લિંબુ, ત્રિપુરાથી 'ફણસ' અને દરભંગાથી 'લીચી' હવે દેશ અને વિદેશના બીજા ભાગોમાં આસાનીથી પહોંચી રહ્યા છે, જે કૃષિ ઉડાન યોજનાથી શક્ય બન્યું છે. આ પહેલા ફળ, ફૂલ, શાકભાજી, ડેરી સહિત ઝડપથી બગડી જનારા ખેત ઉત્પાદનો ખેડૂતોને નજીકના બજારમાં વેચવા પડતા હતા. ખેડૂતોને સારી કિંમત આપનારા બજાર સુધી પહોંચાડવા કે વિદેશમાં નિકાસ કરવું આસાન ન હતું. તેને ધ્યાનમાં રાખીને હવાઈ પરિવહન દ્વારા ખેત ઉત્પાદનોને ઝડપથી પહોંચાડવા માટે 2021માં કૃષિ ઉડાન યોજનાની શરૂઆત કરવામાં આવી. તેનાથી ઉત્પાદન સમયસર બજારમાં પહોંચાડવામાં અને યોગ્ય કિંમત મળવામાં આસાની થઈ. વર્તમાનમાં ભારતમાં 35 એરપોર્ટ પર કોલ્ડ સ્ટોરેજ સુવિધા ઉપલબ્ધ છે. યોજનામાં સૂચીબદ્ધ 58 એરપોર્ટ પર ઉપલબ્ધ સેવાઓનો ઉપયોગ કરી શકાય છે.



### ભારતમાં હેન્ડલ કરવામાં આવેલી ઝડપથી ખરાબ થનારી વસ્તુઓની યાદી, માર્ગ બન્યો આસાન

| નાણાકીય વર્ષ | ઘરેલૂ | આંતરરાષ્ટ્રીય | કુલ |
|---|---|---|---|
| 2021-22 | 79,275 | 1,90,484 | 2,69,759 |
| 2022-23 | 85,118 | 1,84,086 | 2,69,204 |
| 2023-24 | 75,794 | 2,18,701 | 2,94,494 |

નોટ- આંકડા મેટ્રિક ટનમાં છે.



રેન્કિંગમાં સતત સુધારો થઈ રહ્યો છે. વર્ષ 2018માં ભારતની ઉડ્ડયન સુરક્ષા રેન્કિંગ 102 હતી જે હવે 55 પર આવી ગઈ છે. આ સતત થઈ રહેલા સુધારાનું પરિણામ છે. ઉડાન અંતર્ગત 2.97 લાખથી વધારે વિમાન ચાલ્યા, જેમાં લગભગ 1.5 કરોડ યાત્રીઓએ ઉડાન ભરી. એરપોર્ટની સંખ્યા 2014માં 74 હતી જે વધીને 159 પર પહોંચી ગઈ છે. ઉડ્ડયન ક્ષેત્રમાં ક્રાંતિકારી પરિવર્તનની કહાની હવે નોઈડા આંતરરાષ્ટ્રીય એરપોર્ટ સાથે નવી ઊંચાઈએ પહોંચવા માટે તૈયાર છે. ઉત્તર પ્રદેશના ગૌતમબુદ્ધ નગરના જેવરમાં શરૂ થનારુ આ એરપોર્ટ વિશ્વનું ચોથુ સૌથી મોટું એરપોર્ટ હશે. હવે ભારતની તૈયારી વર્ષ 2026 સુધીમાં 220 એરપોર્ટ સાથે 1,000 રૂટ પર ઉડાન ભરવાની છે.

### આકાંક્ષી ભારતની ઉડાન

ભારતમાં કનેક્ટિવિટીને લઈને શાનદાર કામ થઈ રહ્યું છે. કનેક્ટિવિટી અને સમાવેશી વિકાસ પર ફોકસ કરતા ભારતે વિશેષ કામ કર્યું છે. વિવિધતામાં એકતાવાળા ભારતના સામર્થ્યની ઓળખને ગતિ આપવાનું કામ આ યોજનાએ કર્યું છે. પ્રધાનમંત્રી મોદીએ જ્યારે પ્રથમ વખત કહ્યું હતું કે તે હવાઈ ચપ્પલ પહેરનારા લોકોને હવાઈ યાત્રા કરાવવા ઈચ્છે છે... તો એક સ્વાભાવિક પ્રતિક્રિયા હતી કે આ ભારતમાં કેવી રીતે શક્ય છે પરંતુ કેન્દ્ર સરકાર આગળ વધી અને ઉડાન યોજનાની શરૂઆત કરી. વર્ષ 2024માં ઉડાનને આઠ વર્ષ પૂરા થઈ ગયા છે. ઉડાન અંતર્ગત બે પિલર્સ પર કામ થયું છે. એક ટિયર-2,




# ગ્રીન ફિલ્ડ એરપોર્ટ

- દેશમાં ગ્રીન ફિલ્ડ એરપોર્ટના નિર્માણને સૈદ્ધાંતિક મંજૂરી.
- દેશમાં વર્ષ 2014 પછીથી 12 ગ્રીન ફિલ્ડ એરપોર્ટનું પરિચાલન શરૂ જેમાં દુર્ગાપુર, શિરડી, કન્નૂર, પાક્યાંગ, કાલાબુરાગી, ઓરવાકલ (કુર્નુલ), સિંધુદુર્ગ, કુશીનગર, ઈટાનગર (હોલોંગી), મોપા, શિવમોગ્ગા અને રાજકોટ (હીરાસર) સામેલ છે.
- 80 એરપોર્ટે 100 ટકા ગ્રીન એનર્જીનો ઉપયોગ અપનાવી લીધો છે. એરપોર્ટ પર ઉર્જાના પારંપરિક સ્ત્રોતને અપનાવવા પર ભાર મૂકી રહ્યા છે, જેનાથી પરિચાલનના કાર્બન ફૂટપ્રિન્ટમાં ઘટાડો થયો છે.
- બેંગલુરુ એરપોર્ટે આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પરિષદનું સર્વોચ્ચ કાર્બન માન્યતા સ્તર 5 હાંસલ કર્યું છે, જ્યારે દિલ્હી, મુંબઈ અને હૈદરાબાદ જેવા એરપોર્ટને સ્તર 4+ માન્યતા મળી છે.

### ડિજી યાત્રાએ આસાન બનાવી મુસાફરી

પરેશાની રહિત અને ઝડપી પ્રોસેસિંગ માટે એરપોર્ટના સંચાલનમાં ડિજી યાત્રાની શરૂઆત કરવામાં આવી છે. આ ફેર રેકગ્નિઝેશન ટેકનિકનો ઉપયોગ કરે છે. દેશના 23 એરપોર્ટ પર ડિજી યાત્રા ઉપલબ્ધ છે. લોન્ચ પછીથી 80 લાખથી વધારે યુઝર્સ એપ ડાઉનલોડ કરી છે. ડિજી યાત્રા સુવિધાની સાથે 4 કરોડથી વધારે યાત્રાઓ કરવામાં આવી છે. તમામ એરપોર્ટને તબક્કાવાર ડિજી યાત્રા સાથે કવર કરવામાં આવી રહ્યા છે.

### કાર્બન મુક્ત તરફ આગેકૂચ

**80 એરપોર્ટ સો ટકા ગ્રીન એનર્જી પર સંચાલિત દિલ્હી, મુંબઈ, હૈદરાબાદ અને બેંગલુરૂ જેવા એરપોર્ટ કાર્બન મુક્ત થાય.**




ટિયર-3 શહેરોમાં એરપોર્ટનું નવું નેટવર્ક બનાવવામાં આવ્યું અને બીજુ એર ટ્રાવેલને સસ્તું બનાવીને તેને તમામ લોકોની પહોંચમાં લાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો. ઉડાન યોજના અંતર્ગત આજે 600થી વધારે રૂટ, સંચાલિત થઈ રહ્યા છે જે વધારે નાના શહેરોને કનેક્ટ કરે છે. ઉડાન યોજનાએ દેખાડ્યું છે કે કેવી રીતે સમાજની આકાંક્ષાઓ વિકાસને વેગ આપે છે. આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરના આ મહાયજ્ઞમાં એરપોર્ટ, તેની શાનદાર ઈમારતો, એકથી એક ચડિયાતી આધુનિક સુવિધાઓ આજે દુનિયાભરમાં ચર્ચાનો વિષય છે.

### ઉદ્યોગ-પર્યટનમાં વૃદ્ધિને વેગ

આરસીએસ- ઉડાન નાગર ઉડ્ડયન ક્ષેત્રના વિકાસમાં યોગદાન આપી રહ્યું છે, કેમ કે છેલ્લા કેટલાક વર્ષોમાં ઘણી નવી અને સફળ એરલાઈન સામે આવી છે. આ યોજનાએ એરલાઈન ઓપરેટરોને એક સ્થાઈ બિઝનેસ મોડલ શરૂ કરવામાં અને વિકસિત કરવામાં મદદ કરી છે. આ ઉપરાંત, આ નાની ક્ષેત્રીય એરલાઈન ફ્લાઈબિગ, સ્ટાર એર, ઈન્ડિયાવન એર અને ફ્લાઈ91ને પોતાના બિઝનેસને વધારવામાં મદદ કરી રહ્યું છે. તેનું સફળ સંચાલન તે વાતનું પ્રમાણ છે કે આ

# નોઈડા ઈન્ટરનેશનલ એરપોર્ટ રચશે ઉડ્ડયન ક્ષેત્રમાં નવો ઈતિહાસ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 2021માં ગૌતમબુદ્ધ નગરના જેવરમાં વિશ્વના ચોથા સૌથી મોટા ઈન્ટરનેશનલ એરપોર્ટનો શિલાન્યાસ કર્યો. હવે આ હવાઈ સફર માટે તૈયાર છે. આ ઉત્તર ભારતમાં હવાઈ પરિવહનને એક નવી ઝડપ આપવાની સાથે જ જેવર સહિત આસપાસના વિસ્તારોમાં રોકાણ અને રોજગારને પણ વેગ આપશે. વર્ષ 2017માં પૂર્વ ઉત્તર પ્રદેશમાં ફક્ત ચાર એરપોર્ટ કાર્યરત હતા. વર્તમાનમાં 16 એરપોર્ટ કાર્યરત છે જેમાંથી ચાર ઈન્ટરનેશનલ એરપોર્ટ છે. જેવર એરપોર્ટ સંચાલિત થયા બાદ આ ઉત્તર પ્રદેશનું કુલ મળીને 17મું અને પાંચમું ઈન્ટરનેશનલ એરપોર્ટ હશે. જેવર એરપોર્ટ તૈયાર થવાથી આ ક્ષેત્રને નવી તાકાત અને ઉડાન મળશે. ટૂંક સમયમાં જ તેનો એક રનવે શરૂ થવા જઈ રહ્યો છે. આ વાર્ષિક 1.25 કરોડ યાત્રીઓને સંભાળવામાં સક્ષમ હશે. આ એરપોર્ટથી સંચાલન શરૂ થવાની સાથે જ 70 કિમીની રેન્જમાં ત્રણ એરપોર્ટ હશે. તેમાં બે ઈન્ટરનેશનલ એરપોર્ટ હશે. દિલ્હી અને જેવર ઉપરાંત ત્રીજુ એરપોર્ટ ગાઝિયાબાદનું હિન્ડન છે, જ્યાંથી ઘરેલૂ ઉડાન સંચાલિત થાય છે.

## સમયની બચત

- ભારતમાં પ્રથમ વખથ ઈન્ટીગ્રેટેડ મલ્ટી-મોડલ કાર્ગો હબની અવધારણા સાથે એરપોર્ટનું નિર્માણ, તેનાથી લોજિસ્ટિક ખર્ચમાં ઘટાડો થશે અને સમયની બચત થશે.
- દેશનું પ્રથમ નેટ ઝીરો ઉત્સર્જન સાથે શરૂ થનારું એરપોર્ટ એટલે કે પ્રદૂષણથી સંપૂર્ણ પણે મુક્ત. ડિજિટલ ટેક્નોલોજી પર આધારિત સંચાલન.

## ક્ષેત્રના વિકાસને મળશે વેગ

આ એરપોર્ટથી આ સમગ્ર ક્ષેત્રના વિકાસને એક નવો વેગ મળશે. જે રાજ્યોની બોર્ડર દરિયા સાથે જોડાયેલી હોય છે, તેમના માટે પોર્ટ અત્યંત મહત્વની એસેટ હોય છે, પરંતુ યુપી જેવા લેન્ડલોક રાજ્યો માટે આ ભૂમિકા એરપોર્ટની હોય છે. અહીં અલીગઢ, મથુરા, મેરઠ, આગ્રા, બિજનૌર, મુરાદાબાદ, બરેલી એવા અનેક ઔદ્યોગિક ક્ષેત્ર છે.

### 1.25 કરોડ યાત્રી

**આ વર્ષે લગભગ સવા કરોડ યાત્રીઓની અવરજવર. ઉત્તર ભારતના લોજિસ્ટિક ગેટવેના રૂપમાં ઉત્તર પ્રદેશના નકશા પર ઉભરશે. 34,000 કરોડ રૂપિયાથી વધુના ખર્ચે એરપોર્ટનું નિર્માણ.**



યોજના એરલાઈન બિઝનેસ માટે અનુકૂળ ઈકોસિસ્ટમ બનાવી રહી છે. આરસીએસ- ઉડાન ફક્ત ટિયર-2 અને ટિયર-3 શહેરોને લાસ્ટ-માઈલ કનેક્ટિવિટી પ્રદાન કરવા માટે સમર્પિત નથી, આ ઝડપથી વધી રહેલા પર્યટન ક્ષેત્રમાં એક મુખ્ય યોગદાનકર્તાના રૂપમાં પણ છે. ઉડાન 3.0 એ ઉત્તર-પૂર્વમાં ઘણા સ્થાનોને જોડનારા પર્યટન માર્ગોની શરૂઆત કરી, જ્યારે ઉડાન 5.1 પર્યટન, આતિથ્ય અને સ્થાનિક આર્થિક વિકાસને પ્રોત્સાહિત કરવા માટે પર્વતીય ક્ષેત્રોમાં હેલીકોપ્ટર સેવાઓનો વિસ્તાર કરવા માટે સમર્પિત છે.

આ પહેલથી ખજુરાહો, દેવઘર, અમૃતસર અને કિશનગઢ (અજમેર) જેવા ગંતવ્યોને સફળતાપૂર્વક જોડ્યા છે, જે ધાર્મિક પર્યટનની દ્રષ્ટિએ ઘણા પ્રાસંગિક છે. પાસીઘાટ, જીરો, હોલોંગી અને તેજુ એરપોર્ટની શરૂઆતના કારણે સમગ્ર ઉત્તર-પૂર્વ ક્ષેત્રના પર્યટન ઉદ્યોગમાં મોટો ઉછાળો આવ્યો છે, જેનાથી વધારે પહોંચને ગતિ મળી છે. આ યોજનાએ અગત્તી દ્વિપને ભારતીય ઉડ્ડયન માનચિત્ર પર લાવીને વધુ એક સિદ્ધિ હાંસલ કરી, જેનાથી લક્ષદ્વીપમાં પર્યટનને વેગ મળ્યો. એટલું જ નહીં, હવાઈ સંપર્કને વેગ આપતા મુંદ્રા (ગુજરાત)થી અરૂણાચલ

# ઉડ્ડયન ક્ષેત્રમાં પ્રત્યેક રોકાણ પર અનેક ગણો લાભ!

**આંતરરાષ્ટ્રીય નાગરિક ઉડ્ડયન સંગઠનના અધ્યયન- 'નાગરિક ઉડ્ડયનના આર્થિક લાભઃ સમૃદ્ધિની લહેરે' અનુસાર, ઉડ્ડયનના ઉત્પાદન અને રોજગાર ગુણાંક અનુક્રમે 3.25 અને 6.10 છે. તેનો મતલબ છે કે...**

- હવાઈ પરિવહનમાં ખર્ચ કરવામાં આવેલા પ્રત્યેક 100 રૂપિયાથી અર્થવ્યવસ્થાને 325 રૂપિયા મળે છે (3.25 ગણો ફાયદો).
- હવાઈ પરિવહનમાં 100 પ્રત્યેક નોકરી બનાવવાથી સમગ્ર અર્થવ્યવસ્થામાં 610 નવી નોકરીઓ પેદા થાય છે (6.10 ગણી).
- ઉડાને અંતરીયાળ ક્ષેત્રોના આર્થિક વિકાસને ગતિ પ્રદાન કરી છે. દેશભરમાં આર્થિક ગતિવિધિમાં વધારે ન્યાયસંગત અને સમાવેશી વિકાસમાં યોગદાન આપ્યું છે.
- તેણે ઔદ્યોગિક કેન્દ્ર અને પર્યટન સ્થળો સાથે સારી કનેક્ટિવિટી આપી છે. વ્યવસાય અને વેપારને વધારે કુશ બનાવવાની સાથે જ તેને વેગ આપ્યો છે.

## લક્ષ્ય... જે ઉડ્ડયન ક્ષેત્રને નવી ઊંચાઈ આપશે

- કેન્દ્ર સરકારે પહેલી એપ્રિલ 2025થી લાગુ થયેલા બજેટમાં 120 નવા અસેવિત અને અલ્પસેવિત સ્થાનો સુધી ક્ષેત્રીય સંપર્ક વધારવા અને આગામી 10 વર્ષમાં ચાર કરોડ યાત્રીઓને સેવા પ્રદાન કરવા માટે સંશોધિત ઉડાન યોજનાની જાહેરાત કરી છે. આ યોજના પર્વતીય, આકાંક્ષી અને પૂર્વોત્તર ક્ષેત્રના જિલ્લાઓમાં હેલીપેડ અને નાના એરપોર્ટ માટે પણ મદદ કરશે.
- એર કાર્ગો વેરહાઉસિંગ પર ખાસ ધ્યાન આપવામાં આવી રહ્યું છે. સરકાર ઉચ્ચ કિંમતના ઝડપથી નષ્ટ થતાં ખેત ઉત્પાદનો સહિત એર કાર્ગો માટે માળખાગત સુવિધા અને વેરહાઉસિંગની સુવિધાને પણ સુગમ બનાવશે. જેનાથી ભારતીય ઉત્પાદકો માટે બજારની વધારે તકો ખુલશે.
- બિહારમાં માળખાગત પ્રોત્સાહન માટે ગ્રીનફિલ્ડ એરપોર્ટની સુવિધા પ્રદાન કરવામાં આવશે, જેથી ત્યાં ભાવિ જરૂરિયાતોને પૂરી કરી શકાય. આ પટણા એરપોર્ટ અને બિહટામાં બ્રાઉનફિલ્ડ એરપોર્ટની ક્ષમતાના વિસ્તાર ઉપરાંત હશે.
- ભારતીય ઉડ્ડયન પ્રાધિકરણે ટ્રાફિક અનુમાનોના આધારે 2047 સુધી એરપોર્ટ માટે માસ્ટરપ્લાન તૈયાર કર્યો છે. જેમાં રનવે વિસ્તાર, એપ્રન વિસ્તાર, ટર્મિનલ ભવન નિર્માણની શરૂઆત અને જમીનની આવશ્યકતાની યોજના સામેલ છે.




પ્રદેશના તેજૂ તથા હિમાચલ પ્રદેશના કુલ્લૂથી તામિલનાડુના સેલમ સુધી, આરસીએસ-ઉડાને દેશભરમાં 34 રાજ્યો/કેન્દ્ર શાસિત પ્રદેશને જોડ્યા છે. ઉડાન અંતર્ગત, કુલ 86 એરોડ્રામ્સ ચાલુ કરવામાં આવ્યા છે. ઉત્તર-પૂર્વ ક્ષેત્રમાં બે હેલીપોર્ટ ઉપરાંત, દસ એરપોર્ટ ચાલું કરવામાં આવ્યા છે. ઉડાન અંતર્ગત ઘણા એરપોર્ટ શરૂ કરવામાં આવ્યા હતા, જેમ કે દરભંગા, પ્રયાગરાજ, હુબલી, બેલગામ, કન્નૂર એરપોર્ટ વગેરે જે આ એરપોર્ટથી ઘણા ગેર-આરસીએસ વાણિજ્યક ઉડાનોના સંચાલિત થવાની સાથે જ સ્થાયી બની ગયા છે અથવા તો ટૂંક સમયમાં સ્થાયી બની શકે છે.

નિશ્ચિત રૂપથી વિકસિત ભારતના સંકલ્પ સાથે અગ્રેસર રાષ્ટ્ર માટે સમય આવી ગયો છે કે હવે વિકાસના પાયા પર સશક્ત ભારતનું નિર્માણ થાય કેમ કે હવે ના તો મંજિલની ખોટ છે, ના નિયતની, ના ધનની, ના ઈચ્છાશક્તિની અને ના તો સમસ્યાઓના સમાધાનની. સંવેદનશીલતા અને સમાર્થ્યની સાથે નવા કાર્ય-સંસ્કૃતિનું સમાનાર્થી બની ગયું છે ઉડ્ડયન ક્ષેત્ર, જેમાં ઉડાને મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. આ નવી કાર્ય-સંસ્કૃતિના કારણે ઉડાન યોજના ભારતીય ઉડ્ડયન ક્ષેત્ર માટે ગેમ-ચેન્જર બની ગઈ છે. ▪



સ્વામિત્વએ આપી ગ્રામ્ય ભારતના આર્થિક પરિવર્તનને નવી ગતિ

# ડ્રોનથી મળ્યો સંપત્તિનો અધિકાર

**ભારતનો આત્મા ગામડામાં વસે છે. એ ગામડું જ છે, જે આપણી જીડીપીથી લઈને વિકાસ સુધીનો સૌથી મહત્વપૂર્ણ ભાગ છે અને વિકસિત ભારતના સપનાના પાયામાં પણ ગ્રામોદયનો મંત્ર છે. એટલે ગામડાઓના આર્થિક વિકાસની સાથે સામાજિક સશક્તિકરણની દિશામાં કેન્દ્ર સરકાર સતત પ્રયાસ કરી રહી છે. સ્વામિત્વ યોજના આ સશક્તિકરણનું એક પ્રતીક છે. પંચાયતી રાજ દિવસના પ્રસંગ પર 2020ની 24મી એપ્રિલે શરૂ કરાયેલી સ્વામિત્વ યોજનાથી ગામડાઓને મળ્યો સંપત્તિના 'અધિકારના રેકોર્ડ'...**

ભારતના ગ્રામીણ ક્ષેત્રોમાં વસ્તી વાળી જમીન એટલે કે ગ્રામીણોની પાસે પોતાનું ઘર તો હતું, પણ મોટી સંખ્યા એવા લોકોની હતી જેમની પાસે એ ઘર કે જમીનના કાગળો ન હતા. લાંબા સમય સુધી સરકારો ગામડાની વસ્તી ક્ષેત્રની આકારણી કરવામાં નિષ્ફળ રહી. કાનૂની રેકોર્ડની ઉણપના કારણે આ ક્ષેત્રોમાં સંપત્તિના માલિકોને ઔપચારિક રેકોર્ડ વગર છોડી દેવામાં આવ્યા. આવામાં માત્ર માથાભારે લોકો જ નબળા વર્ગની જમીનનો કબજો લેતા હતા એટલું જ નહીં પણ કાનૂની વિવાદ પણ સતત વધી રહ્યા હતા. નિઃશંકપણે લોકોની પાસે કરોડોની સંપત્તિ હતી પરંતુ આર્થિક પ્રગતિને માટે કોઈ વ્યવસાય શરૂ કરવા માંગે તો બેંક આવા લોકોને લોન પણ આપતી ન હતી. દસ્તાવેજીકરણની ઉણપ લગભગ સાત દાયકા સુધી ગ્રામીણ ભારતની આર્થિક પ્રગતિમાં અવરોધ બની રહી. ગ્રામીણ વસ્તી ભૂમિના દસ્તાવેજીકરણ તથા સંપત્તિ 'અધિકારનો રેકોર્ડ' આપીને ગ્રામીણોનું જીવન સરળ બનાવવા માટે 2020ની 24મી એપ્રિલે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગ્રામીણ ક્ષેત્રોમાં ઉચ્ચ પ્રૌદ્યોગિકીની સાથે ગામડાઓની વસ્તીનું સર્વેક્ષણ અને આકારણી 'સ્વામિત્વ'ની શરૂઆત કરી. યોજનામાં 31 રાજ્ય તથા કેન્દ્ર શાસિત પ્રદેશના 3.20 લાખથી વધુ ગામડામાં ડ્રોન સર્વેક્ષણ પૂર્ણ થઈ ચૂક્યું છે તો લગભગ 100 કરોડ રૂપિયાની કિંમત

### યોજનાની પહોંચ

**31** રાજ્ય અને કેન્દ્ર શાસિત પ્રદેશે કર્યા એમઓયૂ પર હસ્તાક્ષર.

**3.45 લાખ** થી વધુ ગામડા સર્વેક્ષણ માટે સૂચિત.

**3.20 લાખ** ગામડામાં ડ્રોન સર્વેક્ષણનું કામ પૂર્ણ, આંધ્ર પ્રદેશ, મધ્ય પ્રદેશ, ઉત્તર પ્રદેશ તથા છત્તીસગઢની સાથે જ કેન્દ્ર શાસિત પ્રદેશ લક્ષદ્વિપ, લદ્દાખ અને દિલ્હીમાં ડ્રોન સર્વેક્ષણનું કામ પૂરું થઈ ચૂક્યું છે.

**2.42 કરોડ** સંપત્તિ કાર્ડ 1.61 લાખ ગામડાના તૈયાર કરાયા, હરિયાણા, ઉત્તરાખંડ, પુડુચેરી, ત્રિપુરા, આંદામાન અને નિકોબાર દ્વિપ સમૂહ, ગોવા, દાદર અને નગર હવેલી, દમણ અને દીવમાં તમામ વસ્તી વાળા ગામડાના સંપત્તિ કાર્ડ તૈયાર થઈ ગયા છે.

31 માર્ચ, 2026 સુધી તમામ ગ્રામીણ વસ્તી વાળા ક્ષેત્રને માટે સંપત્તિ કાર્ડ તૈયાર કરવાનું લક્ષ્ય.





# ગાથાઓ...જે જણાવી રહી છે
# યોજનાની સફળતા

### જમીન વિવાદનો ઉકેલ

25 વર્ષની અનિશ્ચિતતા બાદ હિમાચલ પ્રદેશના હમીરપુર તાલુકાના તારોપકા ગામની સુનીતાને આખરે સ્વામિત્વ યોજનાના માધ્યમથી પોતાના પૂર્વજોની જમીનનું સ્વામિત્વ મળી ગયું. તે સંપત્તિ કાર્ડની મદદથી પડોશીની સાથે લાંબા સમયથી ચાલી રહેલા વિવાદને ઉકેલ્યો. તેને કારણે પરિવારના ભવિષ્યમાં ખૂબ જરૂરી શાંતિ અને સ્થિરતા મળી. સ્વામિત્વ પહેલએ સ્પષ્ટ કાનૂની સ્વામિત્વ પ્રદાન કર્યું, જેનાથી તેમની સ્થિતિમાં ઘણો સુધારો થયો છે.

### મહિલા સશક્તિકરણમાં સહયોગી

દેશ વિભાજનના સમય 1947માં શરણાર્થી રહેલી સ્વર્ણ કાંતારાની પાસે તે જમીનના અધિકારિક સ્વામિત્વના કાગળો ન હતા, જેના પર તે વર્ષોથી વસી રહી હતી. પહેલી વાર તેમને કાનૂની સ્વામિત્વ વાળું સંપત્તિ કાર્ડ મળ્યું, જેનાથી પરિવારનું ભવિષ્ય સુરક્ષિત થયું. સ્વામિત્વએ એમને માત્ર નાણાંકીય સુરક્ષા પ્રદાન કરી નહીં પરંતુ સન્માન અને માનસિક શાંતિ પણ આપી છે. કાંતારાએ જમ્મુ અને કાશ્મીરના સામ્બા જિલ્લાના રામગઢ તાલુકાના ધૂપ સારી ગામમાં પરિવારનું સશક્તિકરણ અને સ્થિરતા સુનિશ્ચિત કરીને પોતાની જમીનનો કાનૂની અધિકાર પ્રાપ્ત કર્યો છે.

### રચનાની આકાંક્ષાને મળી સ્વામિત્વની પાંખો

રાજસ્થાનના શ્રીગંગાનગર જિલ્લાની રચના પરિવાર સાથે મકાનમાં 20 વર્ષથી નિવાસ કરી રહી હતી, પણ આ સંપત્તિ તેમની છે, એવો કોઈ રેકોર્ડ ન હતો. રચના ખૂબ હેરાન હતી. 'અધિકારનો રેકોર્ડ' એટલે સ્વામિત્વનું સંપત્તિ કાર્ડ મળવાથી તેમની આકાંક્ષાની નવી પાંખોને તાકાત મળી. રચના કહે છે કે કાર્ડ મળવાથી મેં 7.45 લાખની લોન લઈને દુકાન શરૂ કરી. 8 લાખ રૂપિયા મુદ્રા યોજનામાં લોન લીધી. તે ખૂબ જ ખુશ છે, કેમ કે દુકાનથી સારી કમાણી કરે છે. હવે દીકરીને ઉચ્ચ ભણતરને માટે ઓસ્ટ્રેલિયા મોકલવા માંગે છે.



**ભારતના ગામડામાં સ્વામિત્વ યોજના અંતર્ગત સંપત્તિનો અધિકાર આપીને સરકારે 100 લાખ કરોડ રૂપિયાના મૂલ્યની સંપત્તિઓની આર્થિક સંભાવનાઓને ખોલી નાખી છે.**

**-નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

ધરાવતી સંપત્તિના લગભગ 2.5 કરોડ કાર્ડ પણ તૈયાર કરી નખાયા છે.

ગ્રામીણ વસ્તી ક્ષેત્રના નિવાસી સંપત્તિઓના દસ્તાવેજીકરણને માટે શરૂ કરાયેલી સ્વામિત્વ યોજનામાં સંપત્તિ કાર્ડ તૈયાર કરાઈ રહ્યા છે. સંપત્તિ કાર્ડ મળવાને કારણે સંપત્તિના મૂદ્રીકરણ અને બેંક લોન સુધી પહોંચ, સંપત્તિથી સંબંધિત વિવાદોમાં ઘટાડો, વ્યાપક અને ગ્રામ સ્તરીય યોજના બનાવવામાં સરળતા જેવા લાભ સીધી રીતે જોઈ શકાય છે. આ યોજના ગ્રામ સ્વરાજ અને આત્મનિર્ભર ગ્રામીણ ભારતની દિશામાં મહત્વપૂર્ણ ફાળો આપી રહી છે.

# ભારત-ન્યૂઝીલેન્ડ...


## મિત્રતાનું એક નવું પ્રકરણ

*ક્રિકેટના મેદાન પર ભારત અને ન્યૂઝીલેન્ડ જેટલા સારા હરીફ છે, તેવી જ રીતે હિન્દ-પ્રશાંત ક્ષેત્રમાં રણનીતિક ભાગીદારીની રીતે એટલા જ અનન્ય સહયોગી છે. કૂટનીતિ અને વેપારથી આગળ વધીને શિક્ષણ, રમત ગમત અને સુરક્ષાના ક્ષેત્રમાં સમયની સાથે સાથે આ સંબંધો સતત ઉંડા થતા ગયા છે. ન્યૂઝીલેન્ડે ઓપનિંગ ડોર ટુ ઈન્ડિયાની નીતિ અંતર્ગત આ પ્રગાઢતાને વેગ આપ્યો તો ભારતે પણ બે હાથ લંબાવીને પોતાના મિત્રનું સ્વાગત કર્યું. 16થી 20મી માર્ચ દરમિયાન ન્યૂઝીલેન્ડના પ્રધાનમંત્રી ક્રિસ્ટોફર લક્સનના પાંચ દિવસના ભારત પ્રવાસ વખતે સંબંધોની આ આત્મીયતાને નવા કરારો સાથે વધુ મજબૂતી પ્રદાન થઈ...*

ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે જુનો અને મૈત્રીપૂર્ણ સંબંધ રહ્યો છે. આ જ કારણ છે કે ન્યૂઝીલેન્ડની વસતીના લગભગ છ ટકા હિસ્સો ધરાવતા ભારતીય મૂળના લોકો ત્યાંની અર્થવ્યવસ્થાને મજબૂત કરવા માટે કામ કરી રહ્યા છે. હિન્દ-પ્રશાંત ક્ષેત્રમાં પોતાના રણનીતિક હિતોને મજબૂત કરવાની દિશામાં વધુ એક ડગલું ભરતાં ભારતે ન્યૂઝીલેન્ડ સાથેના પોતાના સુરક્ષાના સંબધોને સંસ્થાગત સ્વરૂપ આપવાનો નિર્ણય લીધો છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ન્યૂઝીલેન્ડના પીએમ ક્રિસ્ટોફર લક્સન વચ્ચેની દ્વિપક્ષીય બેઠક દરમિયાન સુરક્ષા સંબંધોને આગળ ધપાવવા માટે ઘણી સમજૂતિ પર હસ્તાક્ષર થયા હતા. બંને દેશો વચ્ચે વેપાર અને રોકાણ, અનુસંધાન, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી, કૃષિ ટેકનિક, અંતરિક્ષ અને રમતો સહિત કેટલાક અન્ય ક્ષેત્રોમાં પણ સહમતિ સાધવામાં આવી હતી. બંને દેશના પ્રધાનમંત્રીએ પરસ્પર હિતના ક્ષેત્રીય અને વૈશ્વિક ઘટનાક્રમો પર વાતચીત કરવાની સાથે બહુપક્ષિય સહયોગ મજબૂત કરવા પર મંજૂરી વ્યક્ત કરી હતી. બેઠકમાં અનિશ્ચિત- અસુરક્ષિત દુનિયામાં સમૂદ્રી રાષ્ટ્રના રૂપમાં ભારત અને ન્યૂઝીલેન્ડે ઓપન, સમાવેશી, સ્થિર અને સમૃદ્ધ હિન્દ-પ્રશાંત ક્ષેત્રમાં મજબૂત અને સહિયારા હિતનો સ્વીકાર કર્યો.

બંને દેશના પ્રધાનમંત્રીએ આંતરરાષ્ટ્રીય અધિનિયમ અને ખાસ કરીને 1982ના સંયુક્ત રાષ્ટ્ર અધિનિયમ સંમેલન (યુએનસીએલઓએસ)ને અનુરૂપ નૌકા વહન અને ઉડ્ડયનની





**પીએમ મોદી અને ન્યૂઝીલેન્ડના પ્રધાનમંત્રી ક્રિસ્ટોફર લક્સને ગુરુદ્વારા રકાબ જંગ સાહિબમાં દર્શન કર્યા. પીએમ મોદીએ કહ્યું કે સેવા અને માનવતા પ્રત્યે શિખ સમૂદાયની અતૂટ પ્રતિબદ્ધતા હકીકતમાં દુનિયાભરમાં પ્રશંસનીય છે.**

## અરસપરસ હિતો સાથે સંકળાયેલા મુદ્દાઓ પર સહમતિ સધાઈ

- બંને દેશ વચ્ચે મુક્ત વેપાર સંબંધો અંગે ચર્ચા કરવાનો નિર્ણય લેવાયો.
- ડેરી, ખાદ્ય પ્રસંસ્કરણ અને ખેતી જેવા ક્ષેત્રોમાં સહયોગ તથા રોકાણને પ્રોત્સાહિત કરાશે.
- ભારત, ન્યૂઝીલેન્ડની યુનિવર્સિટીને દેશમાં કેમ્પસ શરૂ કરવા આમંત્રિત કરશે.
- રમતોમાં જૂના સંબંધો છે જેથી 2026ના વર્ષમાં રમત ગમત ક્ષેત્રના સંબંધોના 100 વર્ષની ઉજવણી કરવાનો નિર્ણય લેવાયો છે.

## ભરોસાના પાયા પર સમજૂતિ મારફતે ભવિષ્યનો માર્ગ તૈયાર

**વેપાર, રોકાણ અને આર્થિક મુદ્દાઃ** બંને દેશ સતત વેપાર અને રોકાણને વેગ આપવાની સાથે સાથે દ્વિપક્ષીય વેપારના વ્યાપની સંભાવનાઓ પર કાર્ય કરશે. ડિજિટલ ચુકવણી ક્ષેત્રમાં સહયોગ પર વાતચીત થશે. ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે સીધી ફ્લાઈટનું સંચાલન શરૂ કરવા માટે ઉડ્ડયન સંચાલકોને પ્રોત્સાહિત કરવા અંગે સમજૂતિ સધાઈ.

**ક્ષેત્રીય અને બહુપક્ષિય સંગઠનઃ** સંપ્રભુતા અને ક્ષેત્રીય અખંડિતતાનું સન્માન કરતાં બંને દેશે ઓપન, સમાવેશી, સ્થિર અને સમૃદ્ધ હિન્દ-પ્રશાંતનું સમર્થન કર્યું. સંયુક્ત રાષ્ટ્રમાં સુધારના જરૂરિયાત પર પણ ભાર મૂક્યો.

**રાજનીતિ, રક્ષા અને સુરક્ષાઃ** સંસદીય પ્રતિનિધિમંડળની પરસ્પર અને નિયમિત યાત્રા પર સમહતિ સાધવામાં આવી. સંયુક્ત સૈન્ય સમીક્ષા થશે. નૌકાદળના જહાજો એકબીજાના પોર્ટનો ઉપયોગ કરી શકશે.

**વિજ્ઞાન, પ્રૌદ્યોગિકી અને આપત્તિ પ્રબંધનઃ** અનુસંધાન, વૈજ્ઞાનિક સંબંધ, પ્રૌદ્યોગિકી ભાગીદારી અને સંશોધન અંગે સાથે મળીને કાર્ય કરવા અંગે નિર્ણય લેવાયો.

**શિક્ષણ, ગતિશીલતા, રમતો અને પરસ્પર સંબંધઃ** ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે વધતા જતાં શિક્ષણ અને સામુદાયિક સંબંધોને વધુ મજબૂત કરવા અંગે સમજૂતિ સાધવામાં આવી. 2026ના વર્ષમાં ખેલ એકતા કાર્યક્રમનું આયોજન કરવામાં આવશે.

## અમેરિકાની નેશનલ ઈન્ટેલિજન્સ ડિરેક્ટર તુલસી ગબાર્ડે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરી



પીએમ મોદી સાથે અમેરિકાની નેશનલ ઈન્ટેલિજન્સ ડાયરેક્ટર તુલસી ગબાર્ડે મુલાકાત કરી હતી. આ દરમિયાન પ્રધાનમંત્રી મોદીએ ગબાર્ડને તાજેતરમાં જ સંપન્ન થયેલા મહાકુંભના મહત્વ અંગે માહિતગાર કર્યા અને એ સમયનું ગંગાનું જળ પણ તેમને ભેટમાં આપ્યું. ગબાર્ડે પણ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને તુલસીની માળા ભેટ આપી. આ દરમિયાન પીએમ મોદી અને ગબાર્ડની વચ્ચે કેટલાક મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા થઈ.

સ્વતંત્રતા તથા સમૂદ્રના અન્ય જરૂરી ઉપયોગના અધિકારને સમર્થન આપવામાં આવ્યું. ન્યૂઝીલેન્ડના પ્રધાનમંત્રીની સાથે એક મોટું પ્રતિનિધિમંડળ પર ભારત આવ્યું હતું. આ દરમિયાન ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે દિલ્હીની સાથે સાથે મુંબઈમાં પણ ઘણા વેપારી અને અરસપરસ હિતો સાથે સંકળાયેલા મુદ્દા પર સમજૂતિ કરાર થયા હતા. પ્રધાનમંત્રી તરીકે ક્રિસ્ટોફર લક્સનનો આ પ્રથમ ભારત પ્રવાસ હતો. ■



# સંસ્કાર અને સમર્પણની સાથે સાથે આત્મનિર્ભર ભારત તરફ વધતા ડગલાંઓ...

***સંસ્કાર, સમર્પણ અને સંસ્કૃતિની જ્યોત પ્રગટાવીને આજે દેશ આત્મનિર્ભર બનવાના લક્ષ્યાંક તરફ ઝડપથી આગળ ધપી રહ્યો છે. દેશને એકતાના સૂત્રમાં બાંધતા રાષ્ટ્રને સર્વોપરિ રાખીને ભારત કામ કરી રહ્યો છે, જેના સકારાત્મક પરિણામ હવે વૈશ્વિક પડદાં પર પણ જોવા મળી રહ્યા છે. આ શ્રેણીમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 30મી માર્ચે મહારાષ્ટ્ર અને છત્તીસગઢમાં સામાજિક અને સાંસ્કૃતિક કાર્યક્રમોમાં હાજર રહ્યા અને સાથે સાથે ઘણા વિકાસકાર્યોના ઉદઘાટન અને શિલાન્યાસ કર્યા...***




## માધવ નેત્રાલયની આધારશિલા

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મહારાષ્ટ્રમાં નાગપુરમાં માધવ નેત્રાલય પ્રીમિયમ કેન્દ્રનો પાયો નાખ્યો. સેવાના પવિત્ર કેન્દ્રના રૂપમાં નાગપુરના મહત્વ અંગે ભાર મૂકતા પીએમ મોદીએ માધવ નેત્રાલયને એક એવી સંસ્થા ગણાવી જે દાયકાઓથી લાખો લોકોની સેવા કરે છે અને અગણિત લોકોના જીવનમાં ફરીથી પ્રકાશ રેલાવે છે.

પ્રધાનમંત્રી મોદીએ ઔપચારિક રોકાણના અંતિમ દાયકાઓ દરમિયાન ડૉ. હેડગેવાર અને ગુરુજી (માધવરાવ સદાશિવરાવ ગોલવલકર)ની ભૂમિકાનો ઉલ્લેખ કરતા કહ્યું હતું કે રાષ્ટ્રીય ચેતનાના સંરક્ષણ અને સંવર્ધન માટે 100 વર્ષ અગાઉ રોપાયેલા વિચારના બીજ આજે એક વિશાળ વટવૃક્ષ બની ગયા છે. સિદ્ધાંત અને આદર્શ આ મહાન વૃક્ષને ઉંચાઈ પ્રદાન કરે છે જેની ડાળખીઓ લાખો સ્વયંસેવક છે. તેમણે કહ્યું કે "રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ ભારતની અમર સંસ્કૃતિનું આધુનિક અક્ષયવટ છે. આ અક્ષયવટ ભારતીય સંસ્કૃતિ અને આપણા રાષ્ટ્રની ચેતનાને સતત ઉર્જા પ્રદાન કરે છે." આરએસએસ એક પવિત્ર પ્રયાસ છે જે બાહ્ય અને આંતરિક બને દષ્ટિની દિશામાં કામ કરી રહ્યું છે. તેમણે માધવ નેત્રાલયને બાહ્ય દષ્ટિનું ઉદાહરણ દર્શાવીને કહ્યું કે આંતરિક દ્રષ્ટિએ સંઘને સેવાનું પર્યાય બનાવી દીધું છે.

# આ પરિયોજનાઓથી છત્તીસગઢના વિકાસને પાંખો લાગશે

- છત્તીસગઢના બિલાસપુરમાં પીએમ મોદીએ 33,700 કરોડ રૂપિયાથી વધુના વિકાસ કાર્યોનો શિલાન્યાસ અને ઉદઘાટન કર્યું.
- છત્તીસગઢને વિજળી ઉત્પાદનમાં આત્મનિર્ભર બનાવવા માટે બિલાસપુર સ્થિત એનટીપીસીના સિપત સુપર થર્મલ પાવર પ્રોજેક્ટ સ્ટેજ-3નું ખાતમૂહૂર્ત કરાયું જેનો ખર્ચ 9,790 કરોડ રૂપિયાથી વધુનો છે.
- છત્તીસગઢ રાજ્ય વિજળી ઉત્પાદન કંપની લિમિટેડની 15,800 કરોડ રૂપિયાથી વધુના ખર્ચની પ્રથમ સુપર ક્રિટિકલ થર્મલ પાવર પરિયોજના (2x660 MW) ના કાર્યનો પ્રારંભ.
- પશ્ચિમી ક્ષેત્ર વિસ્તાર યોજના અંતર્ગત 560 કરોડ રૂપિયાથી વધુના ખર્ચની પાવર ગ્રીડની ત્રણ પરિયોજના રાષ્ટ્રને સમર્પિત.
- ભારતના શુદ્ધ શૂન્ય ઉત્સર્જન લક્ષ્યાંકો, વાયુ પ્રદૂષણને ઘટાડવા અને સ્વચ્છ ઉર્જા સમાધાન પ્રદાન કરવા માટે કોરિયા, સુરજપુર, બલરામપુર અને સરગુજા જિલ્લામાં ભારત પેટ્રોલિયન કોર્પોરેશન લિમિટેડની સિટી ગેસ વિતરણ પરિયોજનાનું ખાતમૂહૂર્ત કરાયું.
- આ પરિયોજનામાં 200 કિલોમીટરથી વધુ ઉચ્ચ દાબ પાઈપલાઈન અને 800 કિમીથી વધારે એમડીપીઈ (મીડિયમ ડેન્સિટી પોલીએથિલીન) પાઈપલાઈન અને 1,285 કરોડ રૂપિયાથી વધુનો ખર્ચ ધરાવતી ઘણી સીએનજી ડિસ્પેન્સિંગ આઉટલેટ સામેલ છે.
- હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડની 540 કિલોમીટર લાંબી વિશાખ-રાયપુર પાઈપલાઈન પરિયોજનાની પણ આધારશિલા રાખવામાં આવી જેનો ખર્ચ 2210 કરોડ રૂપિયાથી પણ વધુ છે. આ પાઈપલાઈનની ક્ષમતા ત્રણ મિલિયન મેટ્રિક ટન પ્રતિવર્ષથી વધારે હશે.
- 108 કિલોમીટરની કુલ લંબાઈ ધરાવતી સાત રેલવે પરિયોજનાની પણ આધારશીલ રાખવામાં આવી અને 2,690 કરોડ રૂપિયાથી વધુના ખર્ચ ધરાવતી 111 કિલોમીટર લાંબી ત્રણ રેલવે પરિયોજના રાષ્ટ્રને સમર્પિત કરાઈ.
- અમનપુર-રાયપુર ખંડમાં મેમુ ટ્રેન સેવાને લીલી ઝંડી દર્શાવવામાં આવી. છત્તીસગઢમાં ભારતીય રેલવેના રેલવે નેટવર્કના 100% વિજળીકરણને પણ સમર્પિત કરાયું.
- એનએચ-930 (37 કિલોમીટર)ને ઝલમલાથી શેરપાર ખંડ અને એનએચ-43 (75 કિલોમીટર)ના અંબિકાપુર-પત્થલગાંવ ખંડના પેવ્ડ શોલ્ડરની સાથે બે લેનમાં અપગ્રેડ કરવા માટે રાષ્ટ્રને સમર્પિત.
- રાજ્યના 29 જિલ્લામાં 130 પીએમ શ્રી સ્કૂલ અને રાયપુરમાં વિદ્યા સમીક્ષા કેન્દ્ર (વીએએસ) રાષ્ટ્રને સમર્પિત.
- પ્રધાનમંત્રી આવાસ યોજના ગ્રામીણ અંતર્ગત ત્રણ લાખ લાભાર્થીઓનો ગૃહ પ્રવેશ થયો અને પ્રધાનમંત્રીએ આ યોજના હેઠળ કેટલાક લાભાર્થીઓને ઘરની ચાવી સોંપી.



ગુરુજી અંગે એક પ્રેરક કિસ્સો યાદ કરીને પીએમ મોદીએ કહ્યું કે એક વાર ગુરુજીને પૂછવામાં આવ્યું હતું કે તેમણે સંઘને સર્વવ્યાપી કેમ કહ્યો. ગુરુ જીએ સંઘની સરખામણી પ્રકાશ સાથે કરી અને એ વાત પર ભાર મૂકતાં કહ્યું કે ભલે પ્રકાશ દરેક કાર્ય જાતે ન કરે પરંતુ તે અંધકારને દૂર કરી દે છે અને અન્યને આગળ વધવાનો માર્ગ દેખાડે છે. ગુરુજીનું શિક્ષણ એક જીવનમંત્ર તરીકે કામ કરે છે જે તમામને પ્રકાશનો સ્ત્રોત બનવા, અવરોધોને દૂર કરવા તથા પ્રગતિનો માર્ગ હાંસલ કરવાનો આગ્રહ કરે છે. પીએમ મોદીએ કહ્યું કે 'હું નહીં પરંતુ આપ' અને 'મારા માટે નહીં પરંતુ રાષ્ટ્ર માટે' સિદ્ધાંતો સાથે નિસ્વાર્થપણાના સાર પર પ્રકાશ ફેંક્યો. ભારતનો માર્ગદર્શન સિધ્ધાંત 'વસુધૈવ કુટુમ્બકમ' વિશ્વના તમામ ખૂણે પહોંચી રહ્યો છે અને ભારતના કાર્યોમાં તેની ઝલક જોવા મળી રહી છે. પીએમ મોદીએ વિશ્વાસ વ્યક્ત કર્યો કે ભારતનો યુવાન 2027 સુધી વિકસિત ભારતના લક્ષ્યાંકનું અને દેશનું નેતૃત્વ કરશે. ■



# ભારત પ્રથમ

## વિદેશ નીતિનો મંત્ર

*બીજા વિશ્વ યુદ્ધ બાદ જયારે પણ કોઈ વૈશ્વિક સંગઠન બન્યું, તો તેમાં કેટલાક દેશોની જ મોનોપોલી (ઈજારાશાહી) રહી જયારે ભારતે મોનોપોલી નહીં પરંતુ માનવતાને સર્વોપરી રાખી. આજ કારણ છે કે, વિશ્વભરના લોકો ભારત પ્રત્યે નવી જિજ્ઞાસાથી ભરેલા છે. 28 માર્ચે ટીવી9ના કાર્યક્રમમાં સામેલ થયેલા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે હવે મોટા પાયા પર ક્ષેત્રીયની સાથે-સાથે વૈશ્વિક દર્શક પણ થઈ રહ્યા છે તૈયાર*

ભારતમાં દુનિયાની સૌથી મોટી યુવા વસ્તી છે. દેશના યુવાનો ઝડપથી કૌશલ્ય પ્રાપ્ત કરી રહ્યા છે જેનાથી નવીનતાને ગતિ મળી રહી છે. પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે ભારત પ્રથમ, ભારતની વિદેશ નીતિનો મંત્ર બની ગયો છે. ભારતે એક સમયે બધા દેશોથી સમાન અંતર જાળવવાની નીતિનું પાલન કર્યું હતું, ત્યાં વર્તમાન દ્રષ્ટિકોણ તમામની સાથે સમાન રૂપથી નજીકતા પર ભાર મૂકે છે. વૈશ્વિક સમુદાય હવે ભારતના વિચાર અને નવીનતાને પહેલાં કરતાં ક્યાંય વધારે વધુ મહત્વ આપે છે. દુનિયા આજે ભારતને જોઈ રહી છે અને એ સમજવાને માટે ઉત્સુક છે કે આજે ભારત શું વિચારે છે. ભારત ન કેવળ વિશ્વ વ્યવસ્થામાં ભાગ લઈ રહ્યો છે, પરંતુ ભવિષ્યને આકાર આપવા અને તેને સુરક્ષિત કરવામાં સક્રિય રૂપથી ફાળો આપી રહ્યો છે. ભારતે વૈશ્વિક સુરક્ષામાં, ખાસ કરીને કોવિડ-19 મહામારી દરમિયાન મહત્વપૂર્ણ ભાગ ભજવ્યો. ભારતે ન કેવળ કોવિડની ગંભીરતાથી બચવા માટે વેક્સીન વિકસાવી પરંતુ ઝડપથી ટીકાકરણ પણ

# ઉત્પાદન કેન્દ્રના રૂપમાં ભારતની બની ઓળખ

દુનિયા ક્યારેક ભારતને વૈશ્વિક બજારના રૂપમાં જોતી હતી, ત્યાં હવે દેશે એક પ્રમુખ ઉત્પાદન કેન્દ્રના રૂપમાં પોતાની ઓળખ બનાવી છે. મોબાઈલ ફોન ઉદ્યોગની સફળતાની તરફ ઈશારો કરતા પીએમ મોદીએ કહ્યું કે 2014-15માં જ્યાં ભારતથી મોબાઈલ ફોન ઉદ્યોગની નિકાસ એક બિલિયન ડોલરથી પણ ઓછી હતી જે વધીને એક દાયકામાં જ 20 બિલિયન ડોલરથી વધુ થઈ ગઈ છે. ભારતમાં સેલ અને મોડ્યુલની આયાતમાં ઘટ આવી છે, જ્યારે નિકાસમાં 23 ગણો વધારો થયો છે. રક્ષા નિકાસમાં પણ પાછલા એક દાયકામાં 21 ગણી વૃદ્ધિ થઈ છે. આ સિદ્ધિઓ ભારતની ઉત્પાદન અર્થવ્યવસ્થાની તાકાત અને અલગ અલગ ક્ષેત્રોમાં નવા રોજગારનું સર્જન કરવામાં તેની ક્ષમતાને દર્શાવે છે.

## સામાન્ય નાગરિકને આ નિર્ણયોથી લાભ મળ્યા

- જન ધન યોજનામાં 30 કરોડથી વધુ મહિલાઓની પાસે બેંક ખાતું છે.
- ઓનલાઈન બેન્કિંગ દરેક ઘર સુધી પહોંચી ગઈ છે, આજે દેશમાં દર પાંચ કિલોમીટરના વિસ્તારમાં એક બેંકિંગ સુવિધા કેન્દ્ર છે.
- બેંકોની બિન-કાર્યક્ષમ સંપત્તિ (એનપીએ)માં ઘણો ઘટાડો થયો છે અને તેમનો નફો 1.4 લાખ કરોડ રૂપિયાના રેકોર્ડ ઉચ્ચ સ્તર પર પહોંચી ગયો છે.
- જનતાની સુવિધાને માટે નિયમોને સરળ અને ઓછા કરવા માટે 1500 જૂના કાયદાને નાબુદ કરાયા.
- 40,000 અનુપાલનને ખતમ કરવામાં આવ્યા.
- પાસપોર્ટ પ્રાપ્ત કરવાનો પ્રતીક્ષા સમય જે અગાઉ 50 દિવસ સુધીનો હતો, હવે ઘટીને માત્ર 5-6 દિવસ રહી ગયો છે.

**550** થી વધુ થઈ ગઈ છે દેશમાં પાસપોર્ટ સેવા કેન્દ્રની સંખ્યા 77થી વધીને.



**ભારત આજે, વર્લ્ડ ઓર્ડરમાં માત્ર પાર્ટિસિપેટ જ નથી કરી રહ્યોપરંતુ ફ્યુચરને શેપ અને સિક્યોર કરવામાં પણ ફાળો આપી રહ્યો છે.**


**- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

સુનિશ્ચિત કર્યું. 150થી વધુ દેશને દવાઓ પૂરીપાડી. બીજા વિશ્વ યુદ્ધ પછીના વૈશ્વિક પરિદ્રશ્યનો ઉલ્લેખ કરતા પીએમ મોદીએ કહ્યું કે ભારતે એકાધિકાર નહીં, પણ માનવતાને હંમેશા પ્રાથમિકતા આપી છે અને સમાવેશક અને સહભાગી વૈશ્વિક વ્યવસ્થા માટે પ્રયત્ન કર્યો છે. આ દ્રષ્ટિકોણને અનુરૂપ, ભારતે 21મી સદી માટે વૈશ્વિક સંસ્થાઓની સ્થાપનામાં અગ્રેસર ભાગ ભજવ્યો છે જેનાથી સામુહિક યોગદાન અને સહયોગ સુનિશ્ચિત થયા છે. ભવિષ્યના પડકારો, ખાસ કરીને ઉર્જા સંસાધનો સાથે વ્યવહારમાં વૈશ્વિક સહયોગના મહત્વ પર પીએમ મોદીએ ભાર મૂક્યો. દુનિયા ભારતના વિકાસ મૉડલની ઓળખ કરી રહી છે અને તેનો સ્વીકાર કરી રહી છે.

21મી સદીના 25 વર્ષ વીતી ચૂક્યા છે, જેમાંથી 11 વર્ષથી પ્રધાનમંત્રી મોદીના નેતૃત્વમાં કેન્દ્રની સરકાર દેશને માટે ઝડપી ગતિથી વિકાસ કાર્યોમાં લાગી છે. આ દરમિયાન દેશ નિર્ભરતાથી આત્મનિર્ભરતા, આકાંક્ષાથી ઉપલબ્ધિ અને હતાશાથી વિકાસની તરફ ઝડપથી આગળ ધપ્યો છે. એક દાયકા અગાઉ ગામડાઓમાં શૌચાલયની સમસ્યાને કારણે મહિલાઓની પાસે મર્યાદિત વિકલ્પ હતા, પણ આજે સ્વચ્છ ભારત મિશને તેનો સન્માનજનક ઉકેલ આપ્યો છે.

### ઈ માર્કેટપ્લેસ (GeM)

સરકારી ખરીદીમાં વ્યાપક ખામી અને ભ્રષ્ટાચારને નાબુદ કરવા માટે કેન્દ્ર સરકારે સરકારી ઈ-માર્કેટપ્લેસ જેવું પ્લેટફોર્મ તૈયાર કર્યું. આ પેલ્ટફોર્મના માધ્યમથી પારદર્શક રીતે ઓર્ડર અપાય છે. સરકારની આ પહેલને કારણે ભ્રષ્ટાચાર ખાસ્સો એવો ઓછો થયો છે. જેંથી સરકારને એક લાખ કરોડ રૂપિયાથી વધુની બચત થઈ છે. ભારતની પ્રત્યક્ષ હસ્તાંતરણ (ડીબીટી) પ્રણાલીને વૈશ્વિક માન્યતા મળી. ડીબીટીએ કરદાતાઓના ત્રણ લાખ કરોડ રૂપિયાથી વધુ રકમને ખોટા હાથોમાં જતા રોક્યા છે. સરકારી યોજનાઓનો ખોટો ફાયદો લેતા 10 કરોડથી વધુ બનાવટી લાભાર્થીને અધિકારિક રેકોર્ડથી હટાવવામાં આવ્યા. ■



# કેન્દ્રીય કર્મચારીઓના ડીએમાં વધારો

## ઈલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરિંગને પ્રોત્સાહન

*દેશભરના લગભગ 48 લાખ કેન્દ્રીય કર્મચારીઓ અને 66 લાખ પેન્શનરને મોંઘવારીથી રાહત આપવાની દિશામાં મંત્રીમંડળે ડીએ અને ડીઆર વધારવા માટેના પ્રસ્તાવને મંજૂરી આપી. સાથે જ ખેડૂત અને પશુપાલકોને મજબૂતી આપવા માટે ડેરી વિકાસ કાર્યક્રમ અને ગોકુલ મિશન જેવા મહત્વપૂર્ણ કાર્યક્રમોના અમલીકરણને પણ આપી મંજૂરી*

**નિર્ણય : મોંઘવારી ભથ્થું (ડીએ) અને મોંઘવારી રાહત (ડીઆર) માં વધારો**

**પ્રભાવ :** કેન્દ્રીય મંત્રીમંડળે કેન્દ્રીય કર્મચારીઓને મોંઘવારી ભથ્થા (ડીએ) અને પેન્શનભોગીઓને મોંઘવારી રાહત (ડીઆર) નો એક વધારાનો હપ્તો લાગુ કરવાની મંજૂરી આપી દીધી છે. આ પહેલી જાન્યુઆરી 2025થી અમલી થશે. તે મૂળ પગાર/પેન્શનના 53 ટકાના હાલના દરમાં બે ટકાનો વધારો છે, જેથી મોંઘવારીની ભરપાઈ કરી શકાય. તેનાથી લગભગ 48.66 લાખ કેન્દ્ર સરકારના કર્મચારીઓ અને 66.55 લાખ પેન્શનભોગીઓને લાભ થશે. આ વૃદ્ધિ સાતમા કેન્દ્રીય પગાર આયોગની સલાહો પર આધારિત સ્વીકૃત ફોર્મ્યુલા મુજબ છે.

**નિર્ણય : ઈલેક્ટ્રોનિક્સ ભરણી શ્રેણીના સંદર્ભમાં ભારતને આત્મનિર્ભર બનાવવા માટે ઈલેક્ટ્રોનિક્સ સાધનોની ઉત્પાદન યોજનાને મંજૂરી.**

**પ્રભાવ :** યોજનાનો ઉદ્દેશ ઈલેક્ટ્રોનિક્સ સાધનો ઉત્પાદન ઈકો-સિસ્ટમમાં મોટા રોકાણને આકર્ષિત કરીને એક સશક્ત ઈકો-સિસ્ટમ વિકસિત કરવામાં સહાયતા પ્રદાન કરવાનો છે. આ યોજના અંતર્ગત 59,350 કરોડ રૂપિયાના રોકાણને આકર્ષિત કરીને, 4,56,500 કરોડ રૂપિયા મૂલ્યનું ઉત્પાદન કરવા તથા વધારાના 91,600 વ્યક્તિઓને માટે પ્રત્યક્ષ રોજગાર અને અનેક અપ્રત્યક્ષ રોજગાર સર્જવાની કલ્પના કરવામાં આવી છે.

**નિર્ણય : બિહારની કોસી-મેચી આંતર-રાજકીય લિંક પરિયોજનાને પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના-ત્વરિત સિંચાઈ લાભ કાર્યક્રમ હેઠળ સામેલ કરવાની મંજૂરી.**

**પ્રભાવ :** પરિયોજનાનો અંદાજિત ખર્ચ 6,282.32 કરોડ રૂપિયા છે, જેમાં બિહારને 3,652.56 કરોડ રૂપિયાની કેન્દ્રીય સહાય પણ સામેલ છે. તેને માર્ચ, 2029 સુધી પૂરું કરવાનું છે. આ પરિયોજનામાં હાલ પૂર્વી કોસી મુખ્ય નહેર (ઈકેએમસી) ના 41.30 કિમી સુધી પુનર્નિર્માણ અને ઈકેએમસીના 117.50 કિમી પર મેચી નદી સુધી વિસ્તારની કલ્પના કરાઈ છે જેથી આ બંને નદીઓને બિહારની અંદર એક સાથે જોડી શકાય. લિંક પરિયોજનાથી બિહારના અરરિયા, પૂર્ણિયા, કિશનગંજ અને કટિહાર જિલ્લાઓમાં ખરીફ ઋતુમાં 2,10,516 હેક્ટર ક્ષેત્રમાં વધારાની વાર્ષિક સિંચાઈ ઉપલબ્ધ થશે.

**નિર્ણય : બિહારમાં હાઈબ્રિડ એન્યુટી મોડ ઉપર 4-લેન ગ્રીનફીલ્ડ અને બ્રાઉનફીલ્ડ પટણા-આરા-સાસારામ કૉરિડોર (એનએચ-119એ) (120.10 કિમી) ના નિર્માણને મંજૂરી.**

**પ્રભાવ :** આ પરિયોજનાનો કુલ મૂડી ખર્ચ 3,712.40 કરોડ રૂપિયા

થશે. પટણા-આરા-સાસારામ કૉરીડોરના પૂર્ણ થવાથી આ ક્ષેત્રીય આર્થિક વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. જેનાથી લખનૌ, પટણા, રાંચી અને વારાણસીની વચ્ચે સંપર્કમાં સુધારો થશે આ પરિયોજનાથી 48 લાખ માનવ દિવસ રોજગારીનું સર્જન થશે. પટણા અને તેની આસપાસના ક્ષેત્રોમાં વિકાસ, ઉન્નતિ અને સમૃદ્ધિના નવા રસ્તાઓ ખુલશે.

**નિર્ણય : ફૉસ્ફેટિક અને પોટાસિક (પીએન્ડકે) ખાતરો પર ખરીફ સિઝન, 2025ને માટે પોશાક તત્વ આધારિત સબસિડી (એનબીએસ) દરો નક્કી કરવા માટે ખાતર વિભાગના પ્રસ્તાવને મંજૂરી.**

**પ્રભાવ :** ખરીફ સિઝન 2025 માટે બજેટીય જરૂરિયાત લગભગ 37,216.15 કરોડ રૂપિયા થશે. આ રવિ સિઝન 2024-25ને માટે બજેટીય જરૂરિયાતથી લગભગ 13,000 કરોડ રૂપિયા વધુ છે. આ નિર્ણયથી ખેડૂતોને સબસિડી યુક્ત, સસ્તા અને યોગ્ય કિંમત પર ખાતરોની ઉપલબ્ધતા સુનિશ્ચિત થશે. સાથે જ ખાતર અને ઈનપુટની આંતરરાષ્ટ્રીય કિંમતોમાં હાલના ઝુકાવને ધ્યાનમાં રાખીને પીએન્ડકે ખાતરો ઉપર સબસિડીને તર્કસંગત બનાવવામાં આવશે.

**નિર્ણય : ડેરી વિકાસને પ્રોત્સાહન આપવા માટે સંશોધિત રાષ્ટ્રીય ડેરી વિકાસ કાર્યક્રમ (એનપીડીડી)ને મંજૂરી.**

**પ્રભાવ :** ડેરી અને પશુપાલન સાથે જોડાયેલા ખેડૂતોની આવકમાં વૃદ્ધિને ધ્યાનમાં રાખીને ડેરી વિકાસ માટે સંશોધિત રાષ્ટ્રીય કાર્યક્રમ (એનપીડીડી) ને મંજૂરી આપી દીધી છે. આ એક કેન્દ્રીય ક્ષેત્રની યોજના છે. જેમાં 1,000 કરોડ રૂપિયાનું વધારાનું બજેટ સામેલ છે, જેનાથી 15મા નાણા આયોગનો સમયકાળ (2021-22થી 2025-26) માટે કુલ મૂડી 2,790 કરોડ રૂપિયા થઈ જશે. આ યોજના ડેરી પાયાના માળખાના આધુનિકીકરણ અને તેના વિસ્તાર પર કેન્દ્રીત છે.

**નિર્ણય : સંશોધિત રાષ્ટ્રીય ગોકુલ મિશનના અમલીકરણને મંજૂરી.**

**પ્રભાવ :** વીતેલા એક દાયકામાં ભારતમાં દૂધ ઉત્પાદનમાં 60 ટકાથી વધુનો વધારો થયો છે તો ત્યાં કેન્દ્ર સરકાર હવે આ દિશામાં એક વધુ મહત્વપૂર્ણ પગલું લેવા જઈ રહી છે. તેના માટે સંશોધિત રાષ્ટ્રીય ગોકુલ મિશનને 15મા નાણાં પંચ (2021-22થી 2025-26) દરમિયાન 3,400 કરોડ રૂપિયાની ફાળવણીની સાથે મંજૂરી અપાઈ ગઈ છે. આ યોજના રાષ્ટ્રીય ગોકુલ મિશનની ચાલી રહેલી ગતિવિધિઓને જારી રાખવા માટે છે. આ યોજનાથી દૂધ ઉત્પાદન અને ઉત્પાદકતામાં નોંધપાત્ર વધારો થશે, જેનાથી આખરે ખેડૂતોની આવકમાં વધારો થશે.

**નિર્ણય : આસામના નામરૂપમાં બ્રહ્મપુત્રા વેલી ફર્ટિલાઈઝર કોર્પોરેશન લિમિટેડની હાલની જગ્યામાં 12.7 લાખ મેટ્રિક ટન વાર્ષિક યુરિયા ઉત્પાદન ક્ષમતાનું એક નવું બ્રાઉનફીલ્ડ સ્થાપિત થશે.**

**પ્રભાવ :** તેનો અંદાજિત કુલ પરિયોજના ખર્ચ 10,601.40 કરોડ રૂપિયા છે. આ પરિયોજનાથી દેશમાં ખાસ કરીને પૂર્વોત્તર ક્ષેત્રમાં ઘરઘરાઉ યૂરિયા ઉત્પાદન ક્ષમતા વધશે. આ પૂર્વોત્તર, બિહાર, પશ્ચિમ બંગાળ, પૂર્વીય ઉત્તર પ્રદેશ અને ઝારખંડમાં યૂરિયા ખાતરોની વધતી માંગને પૂરી કરશે. તેનાથી ક્ષેત્રના લોકો માટે વધારાની પ્રત્યક્ષ અને અપ્રત્યક્ષ રોજગારીની તકો પણ ખુલશે. તેનાથી દેશમાં યૂરિયાના ક્ષેત્રમાં આત્મનિર્ભરતાનું લક્ષ્ય પ્રાપ્ત કરવામાં મદદ મળશે.

**નિર્ણય : બે હજાર રૂપિયા સુધીના દરેક ભીમ-યુપીઆઈ લેવડદેવડ પર 0.15 ટકાવારી મૂડી.**

**પ્રભાવ :** નાના મૂલ્યની ડિજિટલ ચુકવણીને પ્રોત્સાહન આપવા માટે 1500 કરોડ રૂપિયાની પ્રોત્સાહન યોજનાને મંજૂરી અપાઈ ગઈ છે. આ યોજના હેઠળ નાના વેપારીઓની શ્રેણીથી સંબંધિત બે હજાર રૂપિયા સુધીની લેવડદેવડ પર 0.15 ટકાવારીના દરથી પ્રોત્સાહન આપવામાં આવશે. તમામ શ્રેણીઓની લેવડદેવડનો માટે શૂન્ય મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ (એમડીઆર) લાગુ થશે. જેનાથી વેપારીઓને કોઈ વધારાની કિંમત નહીં આપવી પડે.

**નિર્ણય : મહારાષ્ટ્રમાં જેનેપીએ પોર્ટ (પગોટે) થી ચોક (29.219 કિમી.) સુધી બીઓટી (ટોલ) મોડ પર 6-લેન એક્સેસ નિયંત્રિત ગ્રીનફીલ્ડ રાજમાર્ગના નિર્માણને મંજૂરી.**

**પ્રભાવ :** આ પરિયોજના ઉપર 4500.62 કરોડ રૂપિયાનો કુલ મૂડી ખર્ચ આવવાનો છે. આ નિર્માણ કાર્ય બિલ્ડ, ઓપરેટ અને ટ્રાન્સફર (બીઓટી) મોડ ઉપર સંપન્ન કરાશે. નવા 6-લેન ગ્રીન ફીલ્ડ કૉરિડોર પ્રોજેક્ટ વધુ સારી બંદર કનેક્ટિવીટીની તરફ લઈ જશે, જેનાથી સુરક્ષિત અને કુશળ માલ ઢોળાવમાં મદદ મળશે. આ પરિયોજના જેનેપીએ બંદર (એનએચ-348) (પગોટે ગામ) થી શરૂ થાય છે અને મુંબઈ-પૂણે રાજમાર્ગ (એનએચ-48) ઉપર સમાપ્ત થાય છે. ત્યાં મુંબઈ-પૂણે એક્સપ્રેસ-વે અને મુંબઈ ગોવા રાષ્ટ્રીય રાજમાર્ગ (એનએચ-66) ને પણ તે જોડે છે. ■

# "ભરવાડ સમાજ" આધુનિકતાને અપનાવવાની સાથે સાથે પરંપરાઓને કરી સંરક્ષિત

*ગૌ રક્ષા અને પ્રકૃતિ પ્રત્યેના પ્રેમની પ્રતિબદ્ધતા રાખનારા ગુજરાતના ભરવાડ સમાજે પોતાનો વારસો અને પરંપરાઓને સંરક્ષિત રાખતા આધુનિકતાને અપનાવી છે. સખત મહેનત, સતત પ્રગતિ અને સહનશીલતાને કારણે આ સમાજ કલમ અને કમ્પ્યુટરની સાથે આગળ વધી રહ્યો છે. પરંપરાઓને ટકાવવા માટે ભરવાડ સમાજ દ્વારા આયોજિત એક ધાર્મિક કાર્યક્રમમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કરી આધુનિકતા અને પરંપરાના સામંજસ્ય માટે ભરવાડ સમાજની પ્રશંસા*



"**ભરવાડ સમાજની નવી પેઢીએ મારી વાતનો સ્વીકાર કર્યો છે. બાળકો ભણી-ગણીને આગળ વધવા લાગ્યા છે. પહેલા કહેતો હતો કે લાકડી છોડીને કલમ પકડો. હવે હું કહું છું કે મારી બાળકીઓના હાથમાં પણ કમ્પ્યુટર હોવું જોઈએ.**

**- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

ભરવાડ સમાજ દ્વારા આયોજિત બાવળિયાળી ધામ કાર્યક્રમમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે બાવળિયાળી માત્ર ધાર્મિક સ્થળ નથી, પરંતુ ભરવાડ સમુદાય અને કેટલાય અન્ય લોકો માટે આસ્થા, સંસ્કૃતિ તેમજ એકતાનું પ્રતીક છે. આ પવિત્ર સ્થાન ભરવાડ સમુદાયને સાચી દિશા અને અસીમ પ્રેરણા આપે છે. નાગા લાખા ઠાકુરના વારસાને રેખાંકિત કરતા પીએમ મોદીએ તેમના યોગદાનને સેવા અને પ્રેરણાનું પ્રતીક ગણાવ્યું.

આકરી મહેનત અને ત્યાગ પ્રત્યે અતૂટ પ્રતિબદ્ધતા માટે ભરવાડ સમુદાયની પ્રશંસા કરતા પીએમ મોદીએ કહ્યું કે સમાજની નવી પેઢી પર ગર્વ છે જેમાં બાળકો શિક્ષણના માધ્યમથી આગળ વધી રહ્યા છે. હવે સમુદાયની દિકરીઓએ પણ પોતાના હાથમાં કમ્પ્યુટર પકડવું જોઈએ. શિક્ષણના મહત્વ પર ભાર મૂકતા પીએમ મોદીએ સમુદાયના બાળકો, ખાસ કરીને દિકરીઓને શૈક્ષણિક રૂપમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરવા અને એક મજબૂત સમાજમાં યોગદાન આપવાનો આગ્રહ કર્યો. દિકરીઓએ રમતગમતમાં પણ આગળ વધવું જોઈએ કેમ કે ગુજરાતના ખેલ મહાકુંભ દરમિયાન તેમની ક્ષમતા બધાએ જોઈ છે.

પીએમ મોદીએ કહ્યું કે આ સમુદાય ઢોર પાલન પ્રત્યે સમર્પિત છે ખાસ કરીને ગીર ગાયની જાતિને સંરક્ષિત કરવામાં તેમનો પ્રયાસ પ્રશંસનીય છે. ઢોરને થતા ખૂરપકા અને મુંહપકા રોગથી છૂટવા માટે મફત ટીકાકરણ કાર્યક્રમ ચલાવાઈ રહ્યો છે. પીએમ મોદીએ સમુદાયને પોતાના ઢોરને માટે નિયમિત ટીકાકરણ સુનિશ્ચિત કરવાનો આગ્રહ કર્યો. પશુપાલકોને માટે કિસાન ક્રેડિટ કાર્ડની શરૂઆતનો ઉલ્લેખ કર્યો. આ કાર્ડથી વ્યવસાયના વિસ્તાર માટે ઓછા વ્યાજ વાળા ઋણ પ્રાપ્ત કરવામાં મદદ મળશે. પીએમ મોદીએ ભરવાડ સમુદાયને આ યોજનાનો લાભ લેવાનો આગ્રહ કર્યો. છોડ રોપણના મહત્વને જોતા પીએમ મોદીએ સમુદાયને પોતાની માતાના સન્માનમાં વૃક્ષ રોપવા માટે પ્રોત્સાહિત કર્યા તો પ્રાકૃતિક ખેતીના મહત્વ પર પણ ભાર મુક્યો. સાથે જ ભૂમિને ફરીથી જીવંત કરવા માટે આ પ્રથાને અપનાવવાનો આગ્રહ કર્યો.

વેવ્સ 2025

## મીડિયા અને મનોરંજન

# સ્ટાર્ટઅપ માટે ગેમ-ચેન્જર



**ભારત સરકાર ક્રિએટિવિટી અને નવી વિદ્યાઓ પર કામ કરી રહી છે. આ શ્રેણીમાં કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રાલય (એમઆઈબી)એ વર્લ્ડ ઓડિયો-વિઝ્યુઅલ એન્ટરટેનમેન્ટ સમિટ (વેવ્સ) 2025ની તૈયારીમાં કાર્યક્રમોની શરૂઆત કરી છે જે મીડિયા અને મનોરંજન ક્ષેત્રમાં સ્ટાર્ટઅપને આર્થિક પોષણ અને રાષ્ટ્રીય સ્તર પર ઓળખ અપાવવાની એક મુખ્ય પહેલ છે. ઈન્ટરનેટ એન્ડ મોબાઈલ એસોસિએશન ઓફ ઈન્ડિયા (આઈએએમએઆઈ) ના સહયોગથી વેવ્સ 2025 1લીથી ચોથી મે, 2025 સુધી મુંબઈના જિયો વર્લ્ડ કન્વેન્શન સેન્ટરમાં આયોજિત કરાશે...**

જો આપ ઉદ્યોગના વ્યવસાયિક, રોકાણકાર, નિર્માતા કે નવપ્રવર્તક છો તો વિશ્વ ઓડિયો વિઝ્યુઅલ અને મનોરંજન શિખર સંમેલન (વેવ્સ), મીડિયા અને મનોરંજન ક્ષેત્ર સાથે જોડાવા, સહયોગ કરવા, ઈનોવેશન કરવા અને યોગદાન આપવા માટે આપને સર્વોત્તમ વૈશ્વિક મંચ પ્રદાન કરશે. વેવ્સ ભારતની રચનાત્મક શક્તિઓને વેગ આપવા તૈયાર છે, જેનાથી તેની સ્થિતિ કન્ટેન્ટ નિર્માણ, બૌદ્ધિક સંપદા અને તકનિકી નવાચાર કેન્દ્રના રૂપમાં મજબૂત થશે. ફોક્સમાં આવનારા ઉદ્યોગ અને ક્ષેત્રમાં પ્રસારણ, પ્રિન્ટ મીડિયા, ટેલિવિઝન, રેડિયો, ફિલ્મ, એનિમેશન, વિઝ્યુઅલ ઈફેક્ટ, ગેમિંગ, કોમિક્સ, ધ્વનિ અને સંગીત, જાહેરાત, ડિજિટલ મીડિયા, સોશિયલ મીડિયા પ્લેટફોર્મ, જનરેટિવ એઆઈ, ઓગમેટેડ રિયાલિટી (એઆર), વર્ચ્યુઅલ રિયાલિટી (વીઆર) અને એક્સટેન્ડેડ રિયાલિટી (એક્સઆર) સામેલ છે. વેવ્સમાં 100 થી વધુ દેશના પ્રતિનિધિઓ ભાગ લેશે.

કાર્યક્રમ અંગે માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિન વૈષ્ણવે કહ્યું કે અમે




## ...જ્યારે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વેવ્સ સમિટનો હિસ્સો બનવાની અપીલ કરી

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પોતાના માસિક રેડિયો કાર્યક્રમ 'મન કી બાત'ની 117મી શ્રેણીમાં કહ્યું હતું કે ભારતની ક્રિએટિવ ટેલેન્ટને વિશ્વ સામે રાખવાનો એક બહુ મોટો અવસર આવી રહ્યો છે.
- દેશમાં પહેલી વખત વેવ્સ સમિટનું આયોજન થવાનું છે. આપ બધાએ દાવોસ અંગે સાંભળ્યું હશે જ્યાં વિશ્વના અર્થજગતના મહારથીઓ ભેગા થાય છે. એ જ રીતે વેવ્સ સમિટમાં વિશ્વભરમાંથી મીડિયા અન મનોરંજન જગતના દિગ્ગજ ક્રિએટિવ વિશ્વના લોકો ભારત આવશે
- આ સમિટ ભારતને વૈશ્વિક કન્ટેન્ટ ક્રિએશનનું હબ બનાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે. મને એ જણાવતા ગર્વ થઈ રહ્યો છે કે આ સમિટની તૈયારીમાં આપણા દેશના યંગ ક્રિએટર પણ જોશભેર જોડાઈ રહ્યા છે.
- આપણે પાંચ ટ્રિલિયન ડૉલર ઈકોનોમી તરફ વધી રહ્યા છીએ ત્યારે આપણી ક્રિએટર ઈકોનોમી એક નવી ઊર્જા લાવી રહી છે. હું ભારતના સમગ્ર મનોરંજન અને ક્રિએટિવ ઈન્ડસ્ટ્રીને આગ્રહ કરીશ કે આપ ભલે યુવા ક્રિએટર હો કે એસ્ટાબ્લિશ્ડ આર્ટિસ્ટ, બોલિવૂડ સાથે જોડાયેલા હો કે રિજનલ સિનેમા સાથે, ટીવી ઈન્ડસ્ટ્રી પ્રોફેશનલ હો કે એનિમેશનના એક્સપર્ટ, ગેમિંગ સાથે જોડાયેલા હો કે મનોરંજન ટેક્નોલોજી ઈનોવેટર, આપ બધા વેવ્સ સમિટનો હિસ્સો બનો.

## પીએમ મોદીએ વેવ્સ સલાહકાર બોર્ડની બેઠકની અધ્યક્ષતા કરી

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સાતમી ફેબ્રુઆરીએ વેવ્સના સલાહકાર બોર્ડની વિસ્તૃત બેઠકની અધ્યક્ષતા કરી હતી. બેઠકમાં વિભિન્ન ક્ષેત્રો સાથે જોડાયેલા પ્રતિષ્ઠિત લોકોએ માત્ર સમર્થન જ દોહરાવ્યું ન હતું પરંતુ ભારતને વૈશ્વિક મનોરંજન કેન્દ્ર બનાવવાના પ્રયાસોને વધુ આગળ વધારવાની રીત પર બહુમૂલ્ય સૂચનો પણ રજૂ કર્યા હતા. આ અધ્યક્ષતા બાદ પીએમ મોદીએ એક્સ પર એક પોસ્ટ પર લખ્યું હતું કે મનોરંજન, રચનાત્મકતા અને સંસ્કૃતિના વિશ્વને એક સાથે લાવનારા વૈશ્વિક શિખર સંમેલન વેવ્સના સલાહકાર બોર્ડની વિસ્તૃત બેઠક સંપન્ન થઈ. સલાહકાર બોર્ડના સભ્યો વિભિન્ન ક્ષેત્રો સાથે જોડાયેલા પ્રતિષ્ઠિત લોકો છે, જેઓએ માત્ર પોતાનું સમર્થન જ દોહરાવ્યું ન હતું પરંતુ ભારતને વૈશ્વિક મનોરંજન કેન્દ્ર બનાવવાના અમારા પ્રયાસોને વધુ આગળ વધારવાની રીતો પર પણ બહુમૂલ્ય સૂચનો રજૂ કર્યા હતા.



પહેલી મેથી ચોથી મે 2025 સુધી મુંબઈમાં યોજાનારા વેવ્સ 2025 માટે પ્રૌદ્યોગિકી, મીડિયા અને મનોરંજનના કેટલાક સૌથી મોટા નામોને આમંત્રિત કરી રહ્યા છીએ. વૈશ્વિક ક્ષેત્રમાં વિભિન્ન ભારતીય પ્રયાસો અંગે વિસ્તારથી જણાવતા તેમણે તમામ હિતધારકોને વેવ્સ 2025માં ભાગ લેવા અને વૈશ્વિક ક્રિએટર અર્થવ્યવસ્થાને પ્રોત્સાહન આપવાની દ્રષ્ટિથી એક સાથે આવવા આમંત્રિત કર્યા હતા. ઓસ્કાર, કાન્સ અને ફિલ્મો માટે આઈએફએફઆઈની જેમ વેવ્સનું લક્ષ્ય વૈશ્વિક રચનાત્મક સમુદાય માટે એક મુખ્ય મંચ બનવાનું છે.

વેવ્સ દરમિયાન મીડિયા અને મનોરંજન ઉદ્યોગ અને પ્રૌદ્યોગિકીની વચ્ચે ગહન સમન્વિત પ્રયાસ જોવા મળશે. વેવ્સનો ઉદ્દેશ્ય એક એવું મુખ્ય ફોરમ બનાવવાનું છે કે જે ઊભરતા મીડિયા અને મનોરંજન ઉદ્યોગ પરિદ્રશ્યમાં પરસ્પર સંવાદ, વ્યાપાર સહયોગ અને નવાચારને ખૂબ જ પ્રોત્સાહન આપે. આ શિખર સંમેલનમાં ઉદ્યોગ જગતની હસ્તી, હિતધારક અને સંશોધકોને તક શોધવામાં, પડકારોના સામના માટે, ભારતમાં વ્યાપારને આકર્ષિત કરવા તેમ જ આ સેક્ટરના ભવિષ્યને સટિક સ્વરૂપ આપવા માટે બોલાવાયા છે. ■



**Narendra Modi**
@narendramodi

The Cabinet's approval for a new Brownfield Ammonia-Urea Complex at BVFCL, Namrup, Assam will enhance domestic urea production, benefit farmers in the Northeast & Eastern India and create new employment opportunities.
It will also strengthen our vision of an Aatmanirbhar Bharat by ensuring fertilizer security and promoting energy-efficient production.



**Rajnath Singh**
@rajnathsingh

'शहीदी दिवस' पर मैं भारत माता के अमर सपूतों भगत सिंह, सुखदेव और राजगुरु के प्रति अपनी श्रद्धांजलि अर्पित करता हूँ। भारत माता को दासता की बेड़ियों से आज़ाद कराने में जिन क्रांतिकारियों ने अपना सब कुछ न्योछावर कर दिया उनमें इन तीनों का नाम स्वर्णाक्षरों में लिखा जाएगा। उनके अद्वितीय साहस और मातृभूमि की सेवा में बलिदान का जज़्बा हमेशा हमें प्रेरित करता रहेगा।



**Amit Shah**
@AmitShah

India will get the first university for the cooperative sector, under the leadership of Modi Ji. Speaking in the Lok Sabha on the Tribhuvan Sahkari University Bill, 2025.
#TribhuvanSahkariUniversity



**Nitin Gadkari**
@nitin_gadkari

💧💦इस विश्व जल दिवस के अवसर पर जल शक्ति का संचय करने के साथ साथ जलवायु प्रणाली और जल चक्र में बर्फ, हिम और ग्लेशियरों के महत्व और पृथ्वी के क्रायोस्फीयर में इन परिवर्तनों के सामाजिक, आर्थिक और पर्यावरणीय परिणामों को अधोरेखित करें और इनके अध्ययन के लिए औरों को भी प्रोत्साहित करें। साथ ही जल शक्ति के संचय के लिए आओ दौड़ने वाले पानी को चलने के लिए लगाए, चलने वाले पानी को रुकने के लिए लगाए और रुके हुए पानी को जमीन को पीने के लिए लगाए। 🌊💧💦



**Piyush Goyal**
@PiyushGoyal

Digital transformation has become a cornerstone of progress and economic growth.

This recognition is a testament to the RBI's forward-looking approach, leveraging technology to enhance efficiency in governance.

It also underscores the pivotal role of innovation in shaping a resilient and robust financial ecosystem!



**Arjun Ram Meghwal**
@arjunrammeghwal

मोदी सरकार की सही नीतियों का परिणाम...

स्वदेशी धागों से आज कपड़ा उद्योग में आत्मनिर्भर होने के साथ वैश्विक केंद्र बन रहा है नया भारत।

# त्रिभुवन सहकारी विवि विधेयक पर लोकसभा की मुहर, ग्रामीण अर्थव्यवस्था को मिलेगी मजबूती

## केंद्रीय मंत्री शाह ने सहकारिता क्षेत्र में नया अध्याय करार दिया

अमर उजाला ब्यूरो



लोकसभा में चर्चा का जवाब देते सहकारिता मंत्री अमित शाह।

**बंगाल में भी खिलेगा कमल**

**45,811 सहकारी समितियां बंद होने के कगार पर**

# PM-श्री योजना में 33 राज्यों के 12505 स्कूल चुने गए

Bhupender.Sharma
@timesofindia.com



AI image

■ नई दिल्ली: प्रधानमंत्री स्कूल्स फॉर राइजिंग इंडिया'(पीएम-श्री) योजना में अभी तक देश के 33 राज्यों और केंद्र शासित प्रदेशों से 12505 स्कूलों का चयन किया गया है। इस योजना में स्कूलों में शैक्षिक गुणवत्ता, इंफ्रास्ट्रक्चर और छात्र परिणामों को बेहतर बनाने और अपग्रेडेशन पर काम किया जाता है और आदर्श स्कूलों को तैयार किया जाता है। देश में अब केवल तीन ऐसे राज्य हैं, जिन्होंने पीएम- श्री योजना के लिए केंद्रीय शिक्षा मंत्रालय के स्कूल शिक्षा और साक्षरता विभाग के साथ एमओयू साइन नहीं किया है।

**केरल, तमिलनाडु और बंगाल ने अभी एमओयू नहीं किया**

देश में कुल 14500 पीएम-श्री स्कूलों को चुना जाना है और स्कूलों के इस मॉडल के आधार पर राज्य अपने दूसरे स्कूलों में भी बड़े बदलाव कर सकेंगे। अभी तक 33 राज्यों में जिन स्कूलों का चयन हुआ है, उसमें 1314 स्कूल प्राइमरी, 3149 स्कूल एलिमेंट्री (प्राथमिक), 2858 स्कूल सेकेंडरी और 5184 स्कूल सीनियर सेकेंडरी हैं। जिन स्कूलों का पक्का भवन होता है और इंफ्रास्ट्रक्चर फैसिलिटी बेहतर होती है, उनका चयन होने की ज्यादा संभावना होती है, साथ ही नामांकन की संख्या को भी देखा जाता है।

**दिल्ली में अब बढ़ेगी पीएम-श्री स्कूलों की संख्या:** अभी तक केरल, तमिलनाडु और पश्चिम बंगाल ने इस योजना को लागू करने के लिए समझौता ज्ञापन पर हस्ताक्षर नहीं किए हैं। वहीं दिल्ली में अभी पीएम- श्री स्कूलों की संख्या केवल 6 है, लेकिन अब इन स्कूलों की संख्या में तेजी से इजाफा होना तय है।

# सामाजिक न्याय के प्रतीक थे राम मनोहर लोहिया : पीएम

**मोदी ने शहीद दिवस पर श्रद्धांजलि दी**



# पॉडकास्ट अब कई भाषाओं में उपलब्ध
## पीएम ने सुनने के लिए किया प्रोत्साहित



# पहली बार हिंद महासागर क्षेत्र में दिखेगी अनोखी गश्त, भारत समेत 10 देश जुटेंगे

## 10 देशों की नेवी के लोग होंगे क्रू में शामिल, एक माह से ज्यादा वक्त तक होगी निगरानी



**युद्ध अभ्यास में भी साथ होंगे सभी देश**

# जापान के प्रतिनिधिमंडल से मिले पीएम | दोनों देशों के बीच आर्थिक सहयोग को बढ़ावा देने पर हुई विस्तृत चर्चा



एजेंसी ▶▶| नई दिल्ली

पीएम नरेंद्र मोदी ने जापान कॉर्पोरेट कार्यकारी संघ के अध्यक्ष ताकेशी निनामी के नेतृत्व वाले एक उच्च स्तरीय प्रतिनिधिमंडल से मुलाकात की। पीएम मोदी ने भारत और जापान के बीच आर्थिक सहयोग को गहरा करने के अवसरों को बढ़ाना तथा कृषि, समुद्री उत्पाद, अंतरिक्ष, रक्षा, बीमा, प्रौद्योगिकी, अवसंरचना, नागरिक उड्डयन, स्वच्छ ऊर्जा, परमाणु ऊर्जा और एमएसएमई भागीदारी जैसे प्रमुख क्षेत्रों में सहयोग को बढ़ावा देना शामिल था। पीएम ने भारत-जापान विशेष रणनीतिक और वैश्विक

**भारत का शासन नीति संचालित**

पीएम मोदी ने भारत में जापानी निवेश को सुविधाजनक बनाने और तेजी लाने के लिए भारत में विकसित जापान प्लस प्रणाली पर भी चर्चा की। इस बात पर भी जोर दिया कि निवेशकों के लिए कोई अस्पष्टता या हिचकिचाहट नहीं होनी चाहिए। भारत का शासन नीति संचालित है और सरकार पारदर्शी और पूर्वानुमानित वातावरण सुनिश्चित करने के लिए प्रतिबद्ध है। पीएम ने देश में विमानन क्षेत्र के विकास पर भी चर्चा की।


## વિશ્વ વિરાસત દિવસ 18 એપ્રિલ

# ભારતની ધરા પર


# વિશ્વ ધરોહર



કાકતીય રૂદ્રેશ્વર (રામપ્પા) મંદિર - તેલંગણા



મોઈદમ - અહોમ રાજવંશનો ટિલો - દફનાવવાની વ્યવસ્થા - આસામ



ગ્રેટ હિમાલયન નેશનલ પાર્ક સંરક્ષણ ક્ષેત્ર હિમાચલ પ્રદેશ



ઐતિહાસિક શહેર અમદાવાદ - ગુજરાત



ખાંગચેંદજોંગા રાષ્ટ્રીય ઉદ્યાન - સિક્કીમ



લે કોર્બુસિએનું વાસ્તુશિલ્પ, આધુનિક આંદોલનમાં એક ઉત્કૃષ્ટ યોગદાન - ચંદીગઢ



શાંતિ નિકેતન પશ્ચિમ બંગાળ



જયપુર શહેર - રાજસ્થાન



નાલંદામાં નાલંદા મહાવિહારનું પુરાતાત્વિક સ્થળ - બિહાર



મુંબઈના વિક્ટોરિયન ગોથિક અને આર્ટ ડેકો સમુહ - મહારાષ્ટ્ર



હોયસલનો પવિત્ર સમુહ - કર્ણાટક



પાટણમાં રાણી-ની-વાવ (રાણીની બાવડી) - ગુજરાત



ધોળાવીરાઃ એક હડપ્પા શહેર - ગુજરાત



*"વિશ્વએ એ સમયગાળો પણ જોયો છે જ્યારે વિકાસની દોડમાં વારસાને નજર અંદાજ કરવામાં આવી રહ્યું હતું પરંતુ આજનો યુગ વધુ જાગૃત છે. ભારતનું તો વિઝન છે - વિકાસ પણ, વિરાસત પણ. વીતેલા દસ વર્ષોમાં ભારતે એક વધુ આધુનિક વિકાસના નવા આયામ સ્પર્શ્યા છે તો વળી 'વિરાસત પર ગર્વ'નો સંકલ્પ પણ લીધો છે. અમે વિરાસતના સંરક્ષણ માટે અભૂતપૂર્વ પગલાં લીધા છે."*

*- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી*


ન્યૂ ઈન્ડિયા **સમાચાર** પાક્ષિક

**RNI No. : DELGUJ/2020/78810 April 16-30, 2025**

RNI Registered No DELGUJ/2020/78810, Delhi Postal License No DL(S)-1/3554/2023-25, WPP NO U(S)-102/2023-25, posting at BPC, Market Road, New Delhi-110001 on 13-17 advance Fortnightly (Publishing April 02, 2025, Pages - 44)

**Editor in Chief**
**Dhirendra Ojha**
Principal Director General,
Press Information Bureau, New Delhi

**Published & Printed by:**
**Yogesh Kumar Baweja,**
Director General, on behalf of
**Central Bureau Of Communication**

**Published from:**
**Room No–278, Central Bureau Of Communication, 2nd Floor, Soochna Bhawan, New Delhi -110003**

**Printed at**
Chandu Press, 469, Patparganj Industrial Estate, Delhi 110 092

Gujarati